# વીતક કથા

(મુખ્ય મુખ્ય પ્રસંગો)




લેખન - સંકલન

**ડૉ. પ્રેમજીભાઈ માધવાણી**

**વડોદરા**

પ્રકાશક

**શ્રી ૫ નવતનપુરી ધામ**

**જામનગર**

# વીતક કથા

## (મુખ્ય મુખ્ય પ્રસંગો)

શ્રી પ્રાણનાથજી ચતુર્થ શતાબ્દી
વર્ષ પ્રસંગે વિશેષ પ્રકાશન

લેખન - સંકલન
**ડૉ. પ્રેમજીભાઈ માધવાણી**
**વડોદરા**

॥ सुख शीतल करूं संसार ॥
प्रणाम

**પ્રકાશક**
**શ્રી ૫ નવતનપુરી ધામ - જામનગર**



Shri Prannath Ji Pustkalay

| | | |
|---|---|---|
| પ્રથમ સંસ્કરણ | : | ૧૦૦૦ |
| નિજાનંદાબ્દ | : | ૪૩૫ |
| વિક્રમ સંવત | : | ૨૦૭૩ |
| ઈ.સ. | : | ૨૦૧૭ |
| બુદ્ધજી શાકા | : | ૩૩૯ |
| © પ્રકાશક | : | |
| **સંપાદક** | : | **કનકરાય વ્યાસ** |

**-: પ્રાપ્તિ સ્થાન :-**

**શ્રી ૫ નવતનપુરી ધામ**, ખીજડા મંદિર જામનગર, ગુજરાત ૩૬૧૦૦૧

| | | |
|---|---|---|
| ફોન | : | (૦૨૮૮) ૨૬૭૨૮૨૯ મો - ૮૫૧૧૨૨૬૬૦૦ |
| E-mail | : | Patrika@krishnapranami.org |
| Website | : | www.krishnapranami.org |

**શ્રી કૃષ્ણ પ્રણામી નિજાનંદ સેવાશ્રમ ટ્રસ્ટ** - વડોદરા

| | | |
|---|---|---|
| મુદ્રણ | : | શુભ ઓફસેટ, રાજકોટ |
| **લિપિ સજ્જા** | : | **શ્રી નિજાનંદ કમ્પ્યૂટર્સ** |
| | | **શ્રી ૫ નવતનપુરી ધામ, જામનગર-૩૬૧૦૦૧** |

---

Shri Vitak Katha
By Dr. Premjibhai Madhavani
**Publishers : Shri 5 Navtanpuri Dham**
**JAMNAGAR : 361001(INDIA)**

I S B N : 978-93-84237-05-9



Shri Prannath Ji Pustkalay

# આશીર્વચન

ધર્મપરાયણ સુંદરસાથજી ! આ સંસારમાં માનવને સન્માર્ગ બતાવવા માટે ધર્મનો આવિર્ભાવ થયો છે. સમગ્ર માનવ સમાજને ધર્મના નામે અનુશાસિત રાખવાના પ્રયાસ રૂપે બ્રાહ્મી શક્તિઓ દ્વારા ધાર્મિક ગ્રન્થો તેમજ ઉપદેશો પ્રગટ થયા. કાલાંતરે આચાર્યો તથા સંતોનો આવિર્ભાવ થયો. તેઓ પોતાની સરળ અને સુગમ વાણી દ્વારા માનવ જગતને બોધ આપતાં રહ્યા.

શ્રી કૃષ્ણ પ્રણામી ધર્મના દ્વિતીય આચાર્ય મહામતિ શ્રી પ્રાણનાથજી મહારાજે શ્રી લાલદાસ સ્વામીને આદેશ આપ્યો કે અત્યાર સુધીમાં તમોએ ધામલીલા, વ્રજલીલા, રાસલીલાનું વર્ણન સંક્ષેપમાં કરેલ છે. હવે જાગણી લીલાના વીતકને પણ પૂર્ણ કરો.

ભવિષ્યમાં જાગણી લીલાનો મોટો વિસ્તાર થવાનો છે જેથી ભવિષ્યમાં આવનાર સુંદરસાથ માટે શ્રી કૃષ્ણ પ્રણામી ધર્મનો ક્રમબદ્ધ ઈતિહાસ હોવો જરૂરી છે. મહામતિની આજ્ઞા શિરોધાર્ય કરી શ્રી લાલદાસ સ્વામીએ વીતક ગ્રન્થની પૂર્ણ રચના કરી. તેઓના સમકાલીન તથા પરવર્તી સંતોએ પણ શ્રી લાલદાસજીના વીતકને આધાર બનાવી પોતાની રીતે વીતકની રચના કરી. આવી રીતે વીતક સાહિત્યનો મોટો ભંડાર ઊભો થયો. આ બધા વીતકોનું અધ્યયન દરેક સુંદરસાથ માટે શક્ય નથી. શ્રી કૃષ્ણ પ્રણામી ધર્મના અનુયાયી સુંદરસાથ વીતકને ખૂબ આદર આપે છે અને પ્રતિવર્ષ શ્રાવણ મહિનામાં વીતક સાંભળવું જરૂરી સમજે છે.

જે સુંદરસાથ "વીતક કથા" દરમિયાન મંદિરે જવા સક્ષમ ન હોય તો તે ઘરે બેઠાં બેઠાં પણ વીતકના પ્રસંગોનું વાચન કરી વીતક કથાનું ફળ પ્રાપ્ત કરી શકે તે હેતુથી ડૉ. પ્રેમજીભાઈ માધવાણી દ્વારા સમગ્ર વીતકમાંથી કેટલાંક મુખ્ય-મુખ્ય પ્રસંગોનું નિરૂપણ આ નાનકડી પુસ્તિકામાં સરળ રીતે કરવામાં આવ્યું છે જેને સામાન્ય સુંદરસાથ પણ સમજી શકશે. આને લીધે જિજ્ઞાસુ સુંદરસાથને વીતક વાંચવાની ઉત્સુકતા વધશે.

આ પુસ્તિકાનું સંકલન કરનાર ડૉ. પ્રેમજીભાઈ માધવાણી તથા પ્રકાશન કાર્યનું સૌજન્ય પ્રદાન કરનાર શ્રી કૃષ્ણ પ્રણામી નિજાનંદ સેવાશ્રમ ટ્રસ્ટ, વડોદરા બન્નેને ધન્યવાદ આપું છું તેમજ આ પ્રકાશનને મારી શુભકામના પાઠવું છું.

શુભાકાંક્ષી

આચાર્ય શ્રી કૃષ્ણમણિજી મહારાજ



Shri Prannath Ji Pustkalay

# બે શબ્દ

ડૉ. પ્રેમજીભાઈ માધવાણીએ પોતે કરેલા 'વીતક' ગ્રંથોના અધ્યયન પરથી એમાં નિરૂપિત મુખ્ય મુખ્ય પ્રસંગોનું દોહન કરીને આ 'વીતક કથા' નામની પુસ્તિકા પ્રગટ કરેલ છે તેનો સમાદર કરતાં મને ઘણો આનંદ થાય છે.

શ્રી કૃષ્ણ પ્રણામી ધર્મમાં 'શ્રી તારતમ સાગરની' જેમ 'વીતક' પણ પૂજનીય વાઙ્મય સ્વરૂપ ગણાય છે. વસ્તુતઃ 'વીતક' એટલે શ્રી કૃષ્ણ પ્રણામી ધર્મ-નિજાનંદ સંપ્રદાયનો વીતી ગયેલો વૃત્તાંત. પ્રણામી સંતોએ રચેલા વીતક ગ્રંથો એ મધ્યકાલીન હિંદી સાહિત્યનો વિરલ વારસો છે.

પ્રણામી વીતક સાહિત્યના આદિ રચયિતા તરીકે સ્વામી શ્રી લાલદાસજી સુપ્રસિદ્ધ છે. તેમના પછી શ્રી કરુણા સખી(જેરામભાઈ), નવરંગ સ્વામી(મુકુંદદાસ), વ્રજભૂષણજી, સ્નેહ સખી, બક્ષી હંસરાજ, લલ્લુજી ભટ્ટ, પં. કૃષ્ણદત્ત શાસ્ત્રી વગેરેએ વીતક ગ્રંથ લખ્યા છે. મોટા ભાગના આ વીતક ગ્રંથો પ્રબંધ કાવ્ય સ્વરૂપે લખાયા છે. આ ગ્રંથોમાં સહુથી પ્રમાણભૂત અને પરમ શ્રદ્ધેય રચના શ્રી લાલદાસ કૃત 'વીતક' મનાય છે. લાલદાસજીએ આ ગ્રંથની રચનાનો પ્રારંભ મહામતિ શ્રી પ્રાણનાથજીના ધામગમન(વિ.સં. ૧૭૫૧ ના આષાઢ વદ ચોથ)ના બીજા દિવસથી કર્યો અને જન્માષ્ટમીના દિવસે ગ્રંથ પૂર્ણ કરેલો હોવાથી આષાઢ વદ પાંચમથી શ્રાવણ વદ આઠમ દરમ્યાન તમામ પ્રણામી મંદિરોમાં લાલદાસ કૃત 'વીતક'નું પારાયણ કરવાની પરંપરા છે. આ વીતકમાં કુલ ૭૧ પ્રકરણો અને ૪૩૨૪ ચોપાઈઓ છે. પ્રકરણ ૧ થી ૧૨ માં મુખ્યત્વે નિજાનંદચાર્ય સદ્‌ગુરુ શ્રી દેવચંદ્રજી મહારાજનો જીવન-વૃત્તાંત અપાયો છે, જ્યારે પ્રકરણ ૮,૧૧ અને ૧૩ થી લઈને પ્રકરણ ૬૨ સુધીમાં મહામતિ શ્રી પ્રાણનાથજીના જીવન અને જાગણી કાર્ય વિશેની ઝીણવટ ભરી વિગતો અપાઈ છે. વસ્તુતઃ આ જાગણી લીલાની 'વીતક' પ્રણામી સુંદરસાથ ખૂબ શ્રદ્ધા ભક્તિ પૂર્વક દર વર્ષે સાંભળીને ધન્યતાનો અનુભવ કરે છે.

ડૉ. પ્રેમજીભાઈએ મુખ્યત્વે લાલદાસજીના વીતકમાંથી મુખ્ય મુખ્ય પ્રસંગોનું દોહન કરીને એ પ્રસંગોને માળાના મણકાની જેમ એકસૂત્રમાં પરોવેલા હોવાથી આ 'વીતક કથા' રોચક બની છે. સરળ અને સુબોધ ભાષામાં લખાયેલી આ પુસ્તિકાને પ્રકાશિત કરવા માટે ડૉ. પ્રેમજીભાઈ માધવાણીને ખૂબ ખૂબ ધન્યવાદ.

**ડૉ. પ્રવીણચંદ્ર પરીખ.**

**૧૭/૭/૨૦૧૭**

**પૂર્વ નિયામક, ભો.જે.વિદ્યાભવન, અમદાવાદ**



Shri Prannath Ji Pustkalay

## આધ્યાત્મિક ઉપાસના કેન્દ્ર - નિત્ય સેવા દર્શન, ચિંતન, મનન અને ભક્તિનું ઉપાસના કેન્દ્ર - શ્રી કૃષ્ણ પ્રણામી મંદિર, વડોદરા

### શ્રી કૃષ્ણ પ્રણામી નિજાનંદ સેવાશ્રમ ટ્રસ્ટ - વડોદરા

### વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓ

૦૧) **શ્રી કૃષ્ણપ્રિયા રાહત ચિકિત્સાલય** : છેલ્લા ૬ વર્ષથી કાર્યરત. રાહત દરે દાંતની સારવાર, આયુર્વેદિક તેમજ હોમિયોપેથની ઓ.પી.ડી. ચાલે છે.

૦૨) **શૈક્ષણિક શિષ્યવૃત્તિ** તેમજ પડતર કિંમતે નોટબુકનું વિતરણ.

૦૩) બ્રહ્મલીન આચાર્યશ્રી ૧૦૮ ધર્મદાસજી મહારાજ **ગૌશાળા**.

૦૪) **પરમહંસ પ્રશિક્ષણ કેન્દ્ર** : દર અઠવાડિયે વાણીનું પ્રશિક્ષણ

૦૫) **શ્રી બાઈજીરાજ અન્નપૂર્ણા ભવન** : અતિથિ સુંદરસાથ માટે ભોજન-પ્રસાદની સુવિધા.

૦૬) **પરમહંસ બાલ સંસ્કાર કેન્દ્ર** : નાના ભૂલાકાંઓને મંદિર પ્રત્યે આકર્ષણ રહે એ માટે જ્ઞાન સાથે ગમ્મતના કાર્યક્રમો.

૦૭) **પરમહંસ યોગ કેન્દ્ર** : શરીર અને મનના સ્વાસ્થ્ય માટેના યોગ દ્વારા ઉપાયો.

૦૮) **શ્રી છત્રશાલ યુવા સંગઠન** : મંદિરમાં આયોજિત તમામ ઉત્સવો, સેવા કાર્યોમાં સતત કાર્યરત યુવાશક્તિ.

૦૯) **તેજસ્વીની મહિલા સંગઠન** : નારી શક્તિના વિકાસ માટે સતત પ્રયત્ન શીલ મંડળ, મંદિરમાં ઉજવાતા ઉત્સવોની સંપૂર્ણ જવાબદારી, દર અઠવાડિયે સુંદરસાથના ઘરે-ઘરે જઈ ભજન, સત્સંગ અને જાગણી કાર્યમાં કાર્યરત.

૧૦) સપ્તાહમાં એકવાર સુંદરસાથને ઘરે તથા એક વખત મંદિર પરિસરમાં પ્રગટવાણીના પાઠ, **વાણી ગાયન અને ગુરુવારે રાત્રે ભજન-સત્સંગ.**

૧૧) **જન્મદિનની ઉજવણી** : જેમનો જન્મદિન હોય તેમને જેટલા વર્ષ થયા હોય એટલા દીપક પ્રકટાવવા તથા મહેરસાગરના સામૂહિક પાઠ રાખી શુભકામના અર્પણ કરવી.

૧૨) મંદિર પરિસરમાં પ્રત્યેક મહિને પારાયણ, સત્સંગ અને ભોજન-પ્રસાદ.



Shri Prannath Ji Pustkalay

## ।। પ્રણામ ।।

**પ્રેમ** **સેવા** **સમર્પણ**

## શ્રી કૃષ્ણ પ્રણામી નિજાનંદ સેવાશ્રમ
## રજિ. ટ્રસ્ટ - વડોદરા

આપના પ્રેમ, સેવા, સમર્પણના સહકારથી ટ્રસ્ટ વિવિધ આધ્યાત્મિક, જનકલ્યાણની સેવાકીય પ્રવૃત્તિઓમાં કાર્યરત છે. સહયોગ બદલ આભાર.


## શ્રી કૃષ્ણ પ્રણામી નિજાનંદ સેવાશ્રમ
## ટ્રસ્ટી મંડળ - વડોદરા

| | |
|---|---|
| શ્રી વિજયભાઈ પ્રણામી | ૯૮૨૫૨૩૫૫૨૭ |
| શ્રી દીપકભાઈ સાડીવાલા | ૯૮૨૫૦૭૦૯૫૫ |
| શ્રી લલિતભાઈ પટેલ | ૯૪૨૮૬૯૭૮૩૧ |
| શ્રી ઉદયભાઈ માધવાણી | ૯૮૨૫૦૧૧૧૫૮ |
| શ્રી મુકેશભાઈ ઠક્કર | ૯૪૨૬૩૩૪૪૩૦ |
| શ્રી વી.એન કરંગિયા | ૯૯૧૩૯૯૩૭૩૯ |
| શ્રી મોતીભાઈ પટેલ | ૯૮૨૪૦૩૨૧૮૬ |
| શ્રી દિલીપભાઈ ભાવસાર | ૯૮૨૫૨૪૭૬૦૧ |
| શ્રી અજયભાઈ પ્રણામી | ૯૮૨૫૧૩૫૫૨૭ |

## માર્ગદર્શકશ્રીઓ

શ્રીમાન શેઠશ્રી કિશનલાલ પ્રણામી

શ્રી રતીભાઈ માવજીભાઈ પટેલ

ડૉ. પ્રેમજીભાઈ માધવાણી

શ્રી વિપિનભાઈ વી. પટેલ

શ્રી વિરેશભાઈ લાલીવાલા




Shri Prannath Ji Pustkalay

# : સૌજન્ય :

**પ્રણામ**


દઈ પ્રદક્ષિણા અતિ ઘણી, કરું દંડવત્ પ્રણામ ।
સૌ સાથના મનોરથ પૂરજો, મારા ધણી શ્રી ધામ ।।

મહામતિ શ્રી પ્રાણનાથજી

**પરમધામ વાસી માતા મોહનબાઈ**

**પરમધામ વાસી સુદર્શનાદેવી**

**ના ચરણોમાં સાદર સમર્પિત**



**સૌજન્ય :**

**કૃષ્ણલાલ પરનામી- વિજય પરનામી**

**સમસ્ત પરિવાર, પાદરા, વડોદરા.**



Shri Prannath Ji Pustkalay

# વીતકના પ્રસંગો

**વીતક પરંપરા :** વીતક લખવાની પરંપરા મહામતિ શ્રી પ્રાણનાથજીએ પ્રારંભ કરી. 'પ્રગટ વાણી' સર્વ પ્રથમ વીતક છે. જેમાં પરમધામ, સૃષ્ટિ રચના, વ્રજ, રાસ તેમજ શ્રી દેવચંદ્રજી મહારાજના ચરિત્રનો ઉલ્લેખ છે.

**મહામતિ શ્રી પ્રાણનાથજીની પરમધામ જવાની તૈયારી :** વિ.સં. ૧૭૫૧ અષાઢ વદી ત્રીજના મહામતિ શ્રી પ્રાણનાથજી મૌન ધારણ કરી પરમધામ જવાની તૈયારી કરી લે છે. મહારાજા છત્રસાલજીને સંદેશો મળે છે. કેન નદીના પૂરમાંથી ઘોડાને ધકેલીને સ્વામીજીના અંતિમ સમયે પ્રતિદિન પ્રમાણે આવીને પ્રણામ કરે છે, પરંતુ સ્વામીજી મૌન રહ્યા. મહારાજા દ્રવિત હૃદયે બોલ્યા, હું તમારા વગર નહીં રહી શકું અને જીવનનો અંત અહીં જ કરી લઈશ એમ કહી તલવારને ગળા પર ચલાવવાની ઈચ્છા કરી તે જ વખતે મહામતિ શ્રી પ્રાણનાથજીએ મૌન તોડતાં મહારાજા છત્રસાલનો હાથ પકડી લીધો અને કહેવા લાગ્યા, છત્રસાલ ! મેં મારી લીલા પૂરી કરી લીધી છે. હવે બધા કામ તમોને સોંપી જઈ રહ્યો છું. આ પ્રચાર કાર્ય, જાગણી કાર્ય, સુંદરસાથની દેખભાળની જવાબદારી તમારી રહેશે. આ મારો આદેશ છે.

મહામતિ શ્રી પ્રાણનાથજીએ લાલદાસજીને પણ આદેશ આપ્યો કે, લાલદાસ ! તમો મારી વીતક લખો જેથી ભવિષ્યમાં આવનાર સુંદરસાથ મારું તથા સદ્‌ગુરુ શ્રી દેવચંદ્રજીનું જીવન ચરિત્ર વાંચી-જાણી શકે. આ જાગણી લીલાનો વિસ્તાર થવો જરૂરી છે. તમે મારી સાથે રહ્યા છો એટલા માટે જીવન ચરિત્ર લખવાનો આદેશ આપું છું.

એજ રીતે કેશવદાસજીને સંપૂર્ણ વાણીને એકત્રિત કરીને ૧૮૭૫૮ ચોપાઈઓને ચૌદ ખંડોમાં બાંધણી કરી સંકલન કરવાનો આદેશ આપ્યો. 'સાથ ચરણે આયે સો સહી પર પિછલે કારણ યે વાણી કહી'.

આ પ્રમાણે મહામતિ શ્રી પ્રાણનાથજી બાદ તારતમ સાગરના સેવાના ઘાટપર બેસીને મહારાજા છત્રસાલજીએ દેશ, જનતા તેમજ સુંદરસાથની સેવા કરી. જ્ઞાનના ઘાટ પર બેસીને મુકુન્દદાસજીએ નવરંગ વાણીની રચના કરી.



Shri Prannath Ji Pustkalay

ઉપાસનાના ઘાટ પર બેસીને લાલદાસજીએ 'વીતક'ની રચના કરી તેમજ સમર્પણના ઘાટ પર બેસીને કેશવદાસજીએ શ્રી તારતમ સાગરની બાંધણી કરવાનું સંયોજન કર્યું.

**ભવિષ્ય પુરાણ(ભવિષ્ય વાણી) :** સ્વામી લાલદાસજી ચાર યુગોના રાજાઓના નામ લખ્યા બાદ કહે છે કે જ્યારે ઔરંગઝેબ રાજ્ય કરી રહ્યો હતો ત્યારે મહામતિશ્રી પ્રાણનાથજીના રૂપમાં શાસ્ત્રોની ભવિષ્ય વાણી મુજબ વિજ્યાભિનંદન નિષ્કલંક બુદ્ધ પધાર્યા. તેઓ વિજયાભિનંદન બુદ્ધ નિષ્કલંકની પદવીથી વિભૂષિત હતા. પૂર્ણબ્રહ્મ પરમાત્મા જગતને તારતમનો સંદેશ આપવા માટે અવતરિત થયા છે. આ મુખ્ય પ્રસંગ બતાવવા માટે લાલદાસજીએ ચાર યુગોના રાજાઓની વાત લખી છે.

**શ્રી મહામતિ કહે એ સાથજી, શાસ્ત્ર કહે યોં કર ।**
**આગે આપની વીતક, સો લીજે ચિત્ત ધર ॥**

વીતક ૧/૨૮

**સ્વામી શ્રી પ્રાણનાથજી મહામતિના ઈલકાબ(ખિતાબ) થી વિભૂષિત :** સદ્‌ગુરુએ જ્યારે ધર્મનું સંપૂર્ણ દાયિત્વ સ્વામી શ્રી પ્રાણનાથજીને સોંપ્યું ત્યારે તેઓએ કહ્યું, હવે પછી તમે મહામતિના નામે પ્રસિદ્ધ થશો. ત્યાર પછી શ્રીજીને પોતાનામાં રહેલ પાંચેય શક્તિઓનો અનુભવ થયો. તે શક્તિઓ છે. શ્રી ધણીજીનો જોશ, શ્રી શ્યામાજીનો આત્મા, નૂર-તારતમ, શ્રી રાજજીનો હુકમ, બુદ્ધ મૂલ વતન, જાગૃત બુદ્ધિ(જ્ઞાન) આ પાંચે શક્તિ શ્રી પ્રાણનાથજીના અંતર્ગત સમન્વિત થઈ જવાથી તેઓ મહામતિ શ્રી પ્રાણનાથજી કહેવાયા, તેઓ તારતમ જ્ઞાનના સાગર છે.

**શ્રી ધનીજીકો જોશ, આતમ દુલહિન, નૂર, હુકુમ, બુદ્ધ મૂલ વતન ।**
**એ પાંચો મિલ ભઈ મહામત, વેદ કતેબોં પહુંચી સરત ॥**

પ્ર.હિ. ૩૭/૯૫

'મહામતિ' શબ્દનો અર્થ થાય છે મહાન બુદ્ધિનો સાગર. પુરાણોમાં વેદ વ્યાસજી, સૂતજીને પણ મહામતિ કહેવામાં આવ્યા છે, વિદુરજીને પણ મહામતિ કહે છે.



Shri Prannath Ji Pustkalay

**મહામતિ શ્રી પ્રાણનાથજી લાલદાસજીને મહામતિના ખિતાબથી નવાજે છે :**
એક દિવસ મહામતિ શ્રી પ્રાણનાથજી બંગલાજી મંદિરમાં બેઠા હતા. પરમધામના આઠ સાગર અને આઠ ભૂમિની વ્યાખ્યા કરી રહ્યા હતા. તેમણે પ્રશ્ન કર્યો કે પરમધામના આઠ સાગરના નામ એક જ ચોપાઈમાં કોણ સંભળાવી શકે છે ? સુંદરસાથ વિચારવા લાગ્યા. પંડિતો, જ્ઞાની, કવિ, ઘણાં વ્યાખ્યાકારો ત્યાં બેઠા હતા. બધા વિચારવા લાગ્યા તે વખતે લાલદાસજી મહારાજ ઊભા થઈને કહે છે, હે સ્વામીજી ! જો આપ આદેશ કરો તો એક જ ચોપાઈમાં પરમધામના આઠે સાગરોનાં નામ સંભળાવી શકું છું.

**નૂર, નીર, ક્ષીર, દધી, ઘૃત, મધુ એક ઠૌર, રસ સર્વરસ સાગર ।**

અહીં આવીને લાલદાસજી અટકી ગયા. એક ચોપાઈ બનાવવામાં ચાર ચરણ જોઈએ. લાલદાસજીએ તો ત્રણ ચરણોમાં જ આઠે સાગરનોમાં નામ બતાવી દીધા. જ્યારે મહામતિ શ્રી પ્રાણનનાથજી એક ચોપાઈમાં(ચાર ચરણમાં) પરમધામના આઠે સાગરના નામ જાણવા ઈચ્છતા હતા. લાલદાસજીએ જ્યારે ત્રણ ચરણોમાં જવાબ આપી દીધો તો મહામતિ શ્રી પ્રાણનાથજી પ્રસન્ન થઈ ગયા અને કહેવા લાગ્યા ધન્ય છે લાલદાસ. ચોથું ચરણ હું જોડી દઉં છું.

**બિના મોમિન ન પાવે કોઈ ઔર ॥**

મહામતિ શ્રી પ્રાણનાથજી પ્રસન્ન થઈને લાલદાસજી મહારાજને 'મહામતિ'ની પદવી પ્રદાન કરે છે. એટલા માટે લાલસાદજી મહારાજ વીતકમાં 'મહામતિ' ઈલકાબનો પ્રયોગ કરે છે.

**આગે અપની વીતક, સો લીજો ચિત્ત ધર ।** વીતક ૧/૨૮

વીતકના પહેલા પ્રકરણના અંતમાં લાલદાસજી આપણાં ઘરની વીતક એટલે શ્રી રાજજી, શ્યામાજી, સુંદરસાથની વાતો અને ખેલમાં અવતરિત થવાની વાતો કરી રહ્યા છે. પહેલાં આપણે પરમધામમાં હતા. આ નશ્વર પંચભૌતિક શરીર પરમધામમાં નહોતાં. આપણાં બધા કાર્યો હાલવું ચાલવું, વાતો કરવી વગેરે આપણી અંદર રહેલી ચેતનાને લીધે કરી શકતા હતા. આ ચેતનાને 'આત્મા' કહેવામાં આવે છે અને આ આત્મા આરંભમાં પરમધામમાં રહેતો હતો. તો પરમધામ ક્યાં છે ?



Shri Prannath Ji Pustkalay

**ન તદ્ભાસયતે સૂર્યો ન શશાઙ્કો ન પાવકઃ ।**
**યદ્ગત્વા ન નિવર્તન્તે તદ્ધામ પરમં મમ ॥**

**યસ્માત્ક્ષરમતીતોઽહમક્ષરાદપિ ચોત્તમઃ ।**
**અતોઽસ્મિ લોકે વેદે ચ પ્રથિતઃ પુરુષોત્તમઃ ॥**

ગીતા ૧૫/૬, ૧૮

ઉપર ગીતામાં દર્શાવ્યું છે કે પરમધામ આ બ્રહ્માંડમાં નથી. સૂર્ય, ચંદ્ર, તારાગણ, અગ્નિનો પ્રકાશ જ્યાં સુધી જાય છે ત્યાં પરમધામ નથી. તે પરમધામ ક્ષર, અક્ષરથી પણ પર છે, તેને અક્ષરાતીત ધામ કહેવામાં આવે છે. ત્યાં રહેવાવાળા પરબ્રહ્મને પુરુષોત્તમ કહેવામાં આવે છે. કેવળ આપણો આત્મા ત્યાં સુધી પહોંચી શકે છે. પરમધામ દિવ્ય, શાશ્વત, સનાતન, ક્ષર બ્રહ્માંડથી પરે છે. શૂન્ય નિરાકારથી પરે અક્ષર વિરાજમાન છે તેનાથી પરે અક્ષરાતીત છે.

**ક્ષરથી તીત અક્ષર થયા, અને અક્ષરાતીત કહેવાય ।**
**આપણને જાવું એણે ઘરે, ઈહાં અટકળે કેમ પહોંચાય ॥**

કિરંતન ૭૦/૫

આમ મહામતિ સમજાવે છે કે ક્ષર એટલે નાશવંત, સંસારની પાર અક્ષર ધામ છે. તેનાથી પણ પાર અક્ષરાતીતનું પરમધામ છે. તે અખંડ મૂળ વતનમાં આપણે સૌ બ્રહ્માત્માઓએ જવાનું છે, પરંતુ આ સંસારના અટકળિયા જ્ઞાનથી ત્યાં સુધી શી રીતે પહોંચી શકાશે ? પરમધામ જવા માટે તો પરમધામનું અખંડ જ્ઞાન જ જોઈએ.

**મૂલમિલાવામાં સંવાદ, સૃષ્ટિરચના અને બ્રહ્મસૃષ્ટિઓનું સંસારમાં અવતરણ :** સચ્ચિદાનન્દ બ્રહ્મની અદ્વૈત પ્રેમમયી ભૂમિકા પરમધામના મૂલમિલાવામાં શ્રી રાજજી તથા બ્રહ્મસૃષ્ટિઓ વચ્ચે પ્રેમ સંવાદ થયો. પ્રિયતમ પરમાત્માએ અક્ષર બ્રહ્મના મનમાં બ્રહ્માત્માઓનો અખંડાનંદ તેમજ બ્રહ્મસૃષ્ટિઓના મનમાં નશ્વર સંસારમાં દુઃખ જોવાની ઈચ્છા ઉત્પન્ન કરી. આ ઈચ્છાના પરિણામે આદિ અનાદિ મહાકારણના કાર્ય સ્વરૂપ સૃષ્ટિ રચના થઈ.

સંસારની લીલા એક તરફ ચાલી રહી હતી. તેજ સમયે પરમધામના અંતર્ગત વાર્તાલાપ સંવાદ થઈ રહ્યો છે. બ્રહ્માત્માઓને ખેલમાં મોકલવાના



Shri Prannath Ji Pustkalay

છે. આ ઘણો ગંભીર વિષય છે. આપણો પ્રણામી સંપ્રદાય અહીંથી પ્રારંભ થાય છે. પ્રણામી સંપ્રદાયનું દર્શન(Philosophy) અહીંથી પ્રારંભ થાય છે.

**અક્ષર બ્રહ્મની સૃષ્ટિમાં બ્રહ્મસૃષ્ટિઓના અવતરણ માટેના ત્રણ બ્રહ્માંડ થયાં :** સર્વ પ્રથમ અગિયાર વર્ષ બાવન દિવસ કાલમાયાના બ્રહ્માંડમાં વ્રજ લીલા થઈ. જેમાં મૂળ સંબંધી બ્રહ્મસૃષ્ટિઓએ મળીને ગોપી કૃષ્ણના રૂપમાં લીલાઓ કરી. ત્યારબાદ યોગમાયા દ્વારા રચિત ચિન્મય બ્રહ્માંડ વૃંદાવનમાં એકત્રિત થયા. ત્યાં રાસલીલામાં પ્રિયતમ મિલાપના માધ્યમથી પરમધામના અખંડ આનંદની અનુભૂતિ થઈ. અહીં શ્રી કૃષ્ણના અંતર્ધાન થઈ જવાથી વિરહ દુ:ખનો અનુભવ થયો તેમજ અક્ષર બ્રહ્મ અને બ્રહ્માત્માઓનું ધ્યાન થોડા સમય માટે પરમધામ પાછું ફર્યું.

શ્રી લાલદાસજી કહે છે કે ત્રીજા દિવસની લીલા ઘણી મોટી હોવાથી વર્ણન કરી શકાય તેમ નથી માટે બ્રહ્માત્માઓ ચોથા દિવસનું વર્ણન સાંભળે અને તેના પર વિચાર કરે.

**ઉત્પત્તિ-સૃષ્ટિ રચના :**

**પાંચ ભાંતકી પૈદાઈસ, લિખી અલ્લા કલામ ।** વીતક ૬૦/૯૭

સૃષ્ટિમાં માનવની રચનાનો ક્રમ પાંચ પ્રકારનો કુરાનમાં લખવામાં આવ્યો છે.

**કુન સેતી પૈદા હુઈ, એ જો આમ ખલક ।**
**એક કહે એક હાથ સે, દો હાથોં કહે હક ॥**

વીતક ૬૦/૯૯

સ્વામીજીએ એ પણ કહ્યું 'કુન' 'હોજા' કહેવાથી આમ ખલક જીવસૃષ્ટિ પેદા થઈ. એક હાથથી હજરત મહંમદ સાહેબ થયા. બીજા હાથથી બે સ્વરૂપ રૂહ અલ્લાહ સ્વરૂપ નિજાનંદ સદ્ગુરુ શ્રી દેવચંદ્રજી તથા હકી સ્વરૂપ શ્રી પ્રાણનાથજી પ્રકટ થયા.

**ઔર એક જમાત કો, લે આયે ઉઠાયે ઈમદાય ।**
**ઔર એક ખિલકત ઔર સે, એ પાંચો કી પૈદાય ॥**

વીતક ૬૦/૧૦૦



Shri Prannath Ji Pustkalay

બ્રહ્મસૃષ્ટિઓના સમુદાયને રૂહ અલ્લાહ શ્રીશ્યામાજી શ્રી દેવચંદ્રજી પરમધામની મૂલ લીલામાંથી ઉઠાવીને ખેલમાં લઈ આવ્યા. એક બીજી ઈશ્વરી સૃષ્ટિ ફરિશ્તે અક્ષરધામના બીજા વાતાવરણથી સંસારમાં અવતરિત થયા. આ પ્રમાણે પાંચ પ્રકારની ઉત્પતિ(પૈદાઈશ) કુરાનમાં લખી છે.

સૃષ્ટિ રચનાના વિષયમાં વિવિધ માન્યતાઓ છે, જેમાં વિરોધાભાસ પણ દેખાય છે. તે બધાને એક સૂત્રમાં પરોવીને જોયા બાદ સ્પષ્ટ ધારણા બની જાય છે. શાસ્ત્ર કહે છે, પરમાત્મા સૃષ્ટિ રચનાનો ભાવ મનમાં લઈને પોતાની માયાને વિસ્તૃત કરે છે. માયાથી ત્રણ ગુણ, સત્, રજ, તમ તેમના ત્રણ દેવ બ્રહ્મા, વિષ્ણુ, મહેશ તથા પાંચ તત્ત્વ ઉત્પન્ન થયા. બ્રહ્મની પ્રેરણાથી તેમના દ્વારા ઉચ્ચારિત શબ્દ ધ્વનિથી ઉપર્યુક્ત બધી કારણ(ઉપાદાન) સૃષ્ટિ રચના સંભાળવી(સંભારણ) તેમજ સંસાર રચનામાં સહાયક બને છે. વેદ અનુસાર તે ધ્વનિ 'ૐ' છે. કુરાન કહે છે પરમાત્માએ કુંન(થઈ જા) કહ્યું અને આ દુનિયા બની ગઈ. બાઈબલમાં છ દિવસ સૃષ્ટિ રચનામાં તેમજ સાતમો દિવસ આરામ(વિશ્રામ)નો બતાવવમાં આવ્યો છે. મહામતિ શ્રી પ્રાણનાથજીએ બધા સંકેતોનો સ્વીકાર કરીને તેમણે સમન્વયાત્મક સ્પષ્ટીકરણ કર્યું. ખરી રીતે પરમાત્માની માયાથી સૃષ્ટિ બની 'કુંન' શબ્દ પણ તેનો જ દ્યોતક છે. પરમાત્માની શક્તિ અથવા સૃષ્ટિ સ્ફુરણ માટે ધ્વનિ માત્ર જ પૂરતું છે. સાત દિવસોની ધારણા બ્રહ્માત્માઓના જગતમાં પ્રકટીકરણની લીલા છે. પહેલા દિવસે, હૂદ પૈગંબરના ઘરે નંદ ગાંવમાં વ્રજ લીલા, બીજા દિવસે નૂહ પૈગંબરની કિશ્તીનું ઉતરવું, યોગમાયાના બ્રહ્માંડમાં વૃંદાવનની રાસ લીલા, ત્રીજા દિવસે સમસ્ત સંસારને બ્રહ્માત્માઓના આગમનની શુભ સૂચનાની સાથે કર્મકાંડનું જ્ઞાન મળ્યું, ચોથા તેમજ પાંચમા દિવસે જાગણી લીલા સંપન્ન થઈ. છઠ્ઠા દિવસે મોમિન એકઠા થયા અને સાતમો દિવસે પરમધામમાં પાછા આવીને આનંદમગ્ન થઈ જવાનું વિધાન બતાવવામાં આવ્યું. પાંચ પ્રકારની પૈદાઈસનું સ્પષ્ટીકરણ આ પ્રમાણે છે. બ્રહ્માત્માઓ પરમાત્માના અંગ અનાદિ કાલથી છે, ઈશ્વરી સૃષ્ટિ પરમાત્માના નૂરનો વિસ્તાર હોવાથી અવિનાશી છે.

સંસારમાં વિવિધતા, સુખ દુઃખાદિનો અનુભવ પ્રાપ્ત કરવા માટે આટલા પ્રકારની સૃષ્ટિ રચીને બ્રહ્માત્માઓની સુરતાને અહીંના જીવોમાં પ્રવિષ્ટ કરાવવામાં આવી.



Shri Prannath Ji Pustkalay

મહંમદ સાહેબને આ સંસારમાંથી ગયાને નવસો નેવું વર્ષ અને નવ મહિના થઈ ગયા. ત્યારે મહિમાવાન દસમી સદી પૂરી થવામાં સવા નવ વર્ષ અર્થાત્ નવ વર્ષ ત્રણ મહિના બાકી હતા. તે જ વખતે પરમાત્માના આનંદ અંગ શ્યામા, શ્રી દેવચંદ્રજીના રૂપમાં ધર્મ પર ન્યોછાવર થવાવાળા અન્ય બ્રહ્માત્માઓના સમુદાય સાથે સંસારમાં અવતરિત થયા.

વિક્રમ સંવત ૧૬૩૮(ઈ.સ. ૧૫૮૧)ના આસોમાસની શુક્લ પક્ષની ૧૪ મી તિથિ શ્રી દેવચંદ્રજીનો જન્મ દિવસ છે. તેઓ મારવાડના ઉમરકોટ ગામે અવતરિત થયા.

લાલદાસ મહારાજ કહે છે કે શ્રી દેવચંદ્રજીનો અવતાર સંપૂર્ણ સંસારના લોકોને અખંડ આનંદની અનુભૂતિ કરાવવાવાળો છે. શુકદેવ મુનિએ શ્રીમદ્ભાગવતમાં આ શબ્દોમાં પોતાના વિચાર રાજા પરીક્ષિતને અભિવ્યક્ત કર્યા કે સંસારના ભક્તો, અક્ષરબ્રહ્મ સુધી ઉપાસના કરે છે. બ્રહ્મસૃષ્ટિ તેનાથી પરે અક્ષરાતીતની આરાધના કરે છે. તેઓ શ્રીમદ્ભાગવતમાં દર્શાવેલ ભવિષ્યવાણી નીચેના શ્લોકમાં સાક્ષીરૂપે રજૂ કરે છે. (ભાગવત સ્કંધ ૧૨/૨/૩૭,૩૮)

અર્થાત્ તે સમયે શાંતનુના ભાઈ દેવાપિ અને ઈક્ષ્વાકુ કુલોદ્ભવ મહારાજ મરુ મહાન યોગ બલથી યુક્ત કલાપ ગ્રામમાં સ્થિત છે. આ બંને (શ્રી દેવચંદ્રજી તથા શ્રી મહેરાજ ઠાકુર) કલિના અંતમાં અહીં આવીને શ્રી વાસુદેવ ભગવાનની પ્રેરણાથી વર્ણાશ્રમયુક્ત ધર્મની પહેલાંની જેમ સ્થાપના કરશે.

**શ્રી દેવચંદ્રજીનું બાળપણ અને સાચા માર્ગદર્શકની શોધ :** શ્રી દેવચંદ્રજી સાક્ષાત્ શ્યામા સ્વરૂપ છે. તેમનામાં સુંદરબાઈ સખીનો આત્મા વિદ્યમાન છે. આ બધું હોવા છતાં એક સાધારણ જિજ્ઞાસુની જેમ તેઓ લીલા કરે છે. એમની માતાનું નામ કુંવરબાઈ હતું.

પિતા તરફથી ધર્મ, દયા અને ભક્તિભાવ તેઓને વારસામાં મળ્યા હતા. તેઓ બાળપણથી જ સંતવૃત્તિના પરંતુ યોગ્ય માર્ગદર્શક વિના તેઓ યથાર્થ જ્ઞાન પામ્યા ન હતા. આ સમયે પિતા સાથે તેમને ભુજ(કચ્છ)૭૦ જવાનું થયું જ્યાં તેમનો મેળાપ સ્વામી હરિદાસજી સાથે થયો. આ મેળાપ પછી ભુજથી



Shri Prannath Ji Pustkalay

પરત આવ્યા બાદ સંસારમાંથી એમનો રસ ઊડી ગયો. આખરે તેઓ સત્ય જ્ઞાનની શોધમાં ફરવા લાગ્યા. હું કોણ છું ? આ જગત શું છે ? પરમતત્ત્વ શું છે ? એ કઈ રીતે પામી શકાય ? વગેરે પ્રશ્નોનું નિરાકરણ મેળવવા તેઓ ભુજ અને આસપાસની ધર્મપીઠો તથા અખાડાઓમાં ચાર વર્ષ સુધી ફર્યા. ભુજમાં એ વખતે સંત મહાત્માઓ અને જુદા જુદા મતવાળાઓ પોતપોતાના આસન જમાવીને બેઠા હતા. જેમાંના ઘણા લોકોની ચર્ચા શ્રી દેવચંદ્રજીએ સાંભળી, પરંતુ એમને પોતાના પ્રશ્નોના સંતોષકારક ઉકેલ મળ્યા નહીં.

**ગુરુ હરિદાસજીના શરણે :** તેઓ હવે ગુરુ હરિદાસજીના શરણે ગયા. સ્વામી હરિદાસે શ્રી દેવચંદ્રજીને આગમનનું કારણ પૂછ્યું ત્યારે તેમણે જણાવ્યું કે ખૂબ ફરવા છતાં આત્મ તત્ત્વનો પત્તો ન લાગ્યો અને ચિત્તને શાંતિ મળી નહીં, ત્યારે માતા પિતાને પૂછ્યા વગર ઉમરકોટના રાજાના મંત્રીનું લગ્ન માટે ખાંડુ આ તરફ આવતું હતું ત્યારે તેની સાથે અહીં આવ્યો હતો. સ્વામી હરિદાસજીએ કહ્યું હવે તમે અહીં આશ્રમમાં રહો અને માતા પિતાને પણ અહીં બોલાવો. ત્યાર બાદ શ્રી દેવચંદ્રજીના માતા-પિતા ત્યાં આવી વસ્યા. સ્વામી હરિદાસના આશ્રમમાં તેઓ આઠ વર્ષ રહ્યા. અહીં એક નિષ્ઠાથી એમણે એકાગ્રતા પ્રાપ્ત કરી. પહેલાં સિપાઈના વેશમાં અને બીજી વખત વ્રજ મંડળના બાળ સ્વરૂપમાં શ્રી કૃષ્ણના દર્શન થયાં, પરંતુ જે તત્ત્વ માટે તેઓ પ્રયત્નશીલ હતા તે હજુ પામ્યા નહીં. આથી અંતઃપ્રેરણા થવાથી તેઓ માતા પિતા તેમજ પત્ની લીલબાઈને લઈ નવાનગર પહોંચ્યા.

**નવાનગર - જામનગર નવતનપુરી ધામ બનાવવું :** સંવત ૧૫૯૭ માં કચ્છના રાજા જામરાવલ વિજય યાત્રા કરતાં કરતાં અહીં આવ્યા, તો તેણે નવાનગરને બદલીને જામનગર નામ કરી દીધું. શ્રી દેવચંદ્રજીએ એ જ જામનગરને નવતનપુરી ધામ બનાવ્યું.

આ સમયે જામનગર સૌરાષ્ટ્રનું હિન્દુ સંસ્કૃતિનું મહત્ત્વનું કેન્દ્ર હતું. બધા જ સંપ્રદાયોના મંદિરો ત્યાં આવેલાં હતાં. અનેક સાધુ સંતો પોતાની સાધના અભ્યાસમાં લાગેલા જોવામાં આવતા હતા. ત્યાં અનેક સ્થળોએ કથા કીર્તન ચાલતાં હતાં, જેમાં કાનજી ભટ્ટ નામે એક વૈષ્ણવ પંડિતની કથાની ઘણી



Shri Prannath Ji Pustkalay

ખ્યાતિ હતી. આ શહેરમાં વલ્લભ સંપ્રદાયનું પ્રાધાન્ય હોવાથી મોટા વૈષ્ણવો ત્યાં નિત્ય કથા શ્રવણ માટે આવતા, આથી શ્રી દેવચંદ્રજીએ પણ અહીં કથા શ્રવણ કરવાનો નિયમ લીધો. સતત ચૌદ વર્ષ સુધી એક નિષ્ઠાથી કથા સાંભળી શ્રીમદ્ભાગવતનાં ગૂઢ રહસ્યોને તેઓ આત્મસાત્ કરતા રહ્યા.

**યોં ચૌદહ વર્ષ નિષ્ઠાબન્ધ, વચન ગ્રહે સબ સાર ।**
**યા ઉપરાન્ત કૃપા ભઈ, તાકો કહોં વિચાર ॥**

વીતક ૫/૩૪

**શ્રી કૃષ્ણજીનો સાક્ષાત્કાર :** સંવત ૧૬૭૮ આસો માસ કૃષ્ણ પક્ષ ચૌદસની તિથિ રવિવારના પ્રતિદિનની જેમ શ્રી દેવચંદ્રજી મહારાજ કથા સ્થળમાં પોતાના આસન પર બેસી ગયા. કથાકાર શ્રોતાગણ બધા પોતાના આસનો પર બેઠા છે. બધા લોકો કથા સાંભળવા મગ્ન હતા ત્યારે શ્રી દેવચંદ્રજી મહારાજની આંખો સામે શ્રી કૃષ્ણમાંથી ઝગારા મારતો પ્રકાશ દેખાઈ રહ્યો હતો. તેમણે જોયું.

**વય કિશોર અતિ સુંદર, સ્વરૂપ ખેલા જો વૃંદાવન ।**
**દેખ શ્રી દેવચંદ્રજીને કહ્યા, જૈસી ગવાહી દઈ મન ॥**

વીતક ૬/૨૭

શ્રી કૃષ્ણના દિવ્ય સ્વરૂપનો શ્રી દેવચંદ્રજી મહારાજને સાક્ષાત્કાર થયો. શ્રી દેવચંદ્રજી મહારાજે શ્રી કૃષ્ણજીને પ્રણામ કર્યા. સાક્ષાત શ્રી કૃષ્ણજી સામે ઊભા છે, હાથમાં બંશી છે, પીતાંબર ધારણ કર્યું છે. શ્રી કૃષ્ણજીએ પૂછ્યું, 'મને ઓળખો છો ? હું કોણ છું ?' શ્રી દેવચંદ્રજી મહારાજે કહ્યું, હે પરમાત્મા ! તમે મારા આત્માના પતિ છો. એટલું જ હું જાણું છું. પછી ફરી શ્રી કૃષ્ણજીએ પૂછ્યું, 'શું તમને તમારી પોતાની ઓળખાણ છે ?' શ્રી દેવચંદ્રજી મહારાજે કહ્યું, મને મારી ઓળખાણ નથી, શ્રી કૃષ્ણજીએ કહ્યું હું તમારી ઓળખાણ કરાવી આપું છું.

**નામ તુમ્હારા બાઈ સુંદર, ખેલે તુમ વ્રજ રાસમેં ।**
**મનોરથ પૂરન ના ભયે, એ તિસરા હુઆ તિનસે ॥ ૩૦**

**અબ સબ સાથ બુલાય કે, આઓ અપને ધામ ।**
**ધની વે સાથ કહાં હૈ, કહ્યા મૈં ભેજો તમામ ॥ ૩૧**



Shri Prannath Ji Pustkalay

**યહ ભાગવત કાગદ તુમ્હારા, એ તુમ્હે ખુલે કલામ ।**
**ઔર કોઈ ના ખોલ સકે, એ જો ખલક આમ ॥ ૩૨**

લાલદાસ વીતક પ્રકરણ ૬

તમારું નામ સુંદરબાઈ સખી છે. તમારા અંતર્ગત શ્રી શ્યામાજીની શક્તિ વિદ્યમાન છે. હું તે શક્તિને જાગૃત કરવા આવ્યો છું અને તમારી જેમ બાર હજાર બ્રહ્મસૃષ્ટિઓ આ સંસારના નશ્વર ખેલમાં ભૂલ પડી છે. તે બધાને જગાવવા આવ્યો છું. 'જાગો અને બધાને જગાઓ'. શ્રી દેવચંદ્રજી મહારાજ કહેવા લાગ્યા, હે સ્વામી ! આ જાગણી લીલા કેવી રીતે થશે ? જાગણી લીલા હું કેવી રીતે કરી શકીશ ? તમે ચિંતા નહીં કરો હું બધાને તમારી પાસે મોકલીશ ત્યાર બાદ તેમણે તારતમ મહામંત્ર પ્રદાન કર્યો. મારું નામ શ્રી કૃષ્ણજી છે, હું અનાદિ અને અક્ષરાતીત છું. આ પ્રમાણે ષોડાશક્ષરી 'તારતમ મહામંત્ર' પ્રદાન કર્યો અને પાતાળથી પરમધામ સુધીનું જ્ઞાન પ્રદાન કર્યું.

શ્રી કૃષ્ણજી કહેવા લાગ્યા કે તમારે બીજું કંઈ પૂછવું હોય તો પૂછો. શ્રી દેવચંદ્રજી મહારાજે કહ્યું, હે ધણી ! આપ ક્યાં વિરાજમાન છો ? શ્રી કૃષ્ણજી કહેવા લાગ્યા, હું તમારા અંતર હૃદયમાં આવીને વિરાજમાન થઈ જઈશ. શ્રી દેવચંદ્રજીએ કહ્યું જો આપ મારા અંતર હૃદયમાં વિરાજમાન થઈ જશો તો પૂછવાનું કંઈ બાકી નથી રહેતું.

**તબ મોકો કહા પૂછના, યે કહે તારતમ બીજ વચન ।**
**ફેર કે અદષ્ટ ભયે, પ્રફુલ્લિત હુઆ મન ॥**

વીતક ૬/૩૫

શ્રી દેવચંદ્રજી મહારાજને આ તારતમ જ્ઞાન પ્રાપ્ત થતાં એમના હૃદયના કમાડ ખુલ્લી ગયાં. ત્યારથી એમને ધામ પરમધામની દિવ્ય લીલાનો સાક્ષાત્કાર થવા લાગ્યો.

**નિજાનંદ સંપ્રદાયની સ્થાપના :** આ તારતમ જ્ઞાન થતાં શ્રી દેવચંદ્રજી મહારાજજીએ શ્રી મૂળ સ્વરૂપના આદેશ અનુસાર બ્રહ્મપ્રિયાઓને જાગ્રત કરવા માટે નવો સંપ્રદાય સ્થાપ્યો. તેઓ જે અખંડ લીલા પ્રકટ કરી શકતા હતા તે અદ્ભુત હતી. શ્રી દેવચંદ્રજી મહારાજ દ્વારા એ પ્રકટ થઈ હોઈ અર્થાત્ પોતાના



Shri Prannath Ji Pustkalay

**યહ ભાગવત કાગદ તુમ્હારા, એ તુમ્હે ખુલે કલામ ।**
**ઔર કોઈ ના ખોલ સકે, એ જો ખલક આમ ॥ ૩૨**

લાલદાસ વીતક પ્રકરણ ૬

તમારું નામ સુંદરબાઈ સખી છે. તમારા અંતર્ગત શ્રી શ્યામાજીની શક્તિ વિદ્યમાન છે. હું તે શક્તિને જાગૃત કરવા આવ્યો છું અને તમારી જેમ બાર હજાર બ્રહ્મસૃષ્ટિઓ આ સંસારના નશ્વર ખેલમાં ભૂલ પડી છે. તે બધાને જગાવવા આવ્યો છું. 'જાગો અને બધાને જગાઓ'. શ્રી દેવચંદ્રજી મહારાજ કહેવા લાગ્યા, હે સ્વામી ! આ જાગણી લીલા કેવી રીતે થશે ? જાગણી લીલા હું કેવી રીતે કરી શકીશ ? તમે ચિંતા નહીં કરો હું બધાને તમારી પાસે મોકલીશ ત્યાર બાદ તેમણે તારતમ મહામંત્ર પ્રદાન કર્યો. મારું નામ શ્રી કૃષ્ણજી છે, હું અનાદિ અને અક્ષરાતીત છું. આ પ્રમાણે ષોડાશક્ષરી 'તારતમ મહામંત્ર' પ્રદાન કર્યો અને પાતાળથી પરમધામ સુધીનું જ્ઞાન પ્રદાન કર્યું.

શ્રી કૃષ્ણજી કહેવા લાગ્યા કે તમારે બીજું કંઈ પૂછવું હોય તો પૂછો. શ્રી દેવચંદ્રજી મહારાજે કહ્યું, હે ધણી ! આપ ક્યાં વિરાજમાન છો ? શ્રી કૃષ્ણજી કહેવા લાગ્યા, હું તમારા અંતર હૃદયમાં આવીને વિરાજમાન થઈ જઈશ. શ્રી દેવચંદ્રજીએ કહ્યું જો આપ મારા અંતર હૃદયમાં વિરાજમાન થઈ જશો તો પૂછવાનું કંઈ બાકી નથી રહેતું.

**તબ મોકો કહા પૂછના, યે કહે તારતમ બીજ વચન ।**
**ફેર કે અદૃષ્ટ ભયે, પ્રફુલ્લિત હુઆ મન ॥**

વીતક ૬/૩૫

શ્રી દેવચંદ્રજી મહારાજને આ તારતમ જ્ઞાન પ્રાપ્ત થતાં એમના હૃદયના કમાડ ખુલ્લી ગયાં. ત્યારથી એમને ધામ પરમધામની દિવ્ય લીલાનો સાક્ષાત્કાર થવા લાગ્યો.

**નિજાનંદ સંપ્રદાયની સ્થાપના :** આ તારતમ જ્ઞાન થતાં શ્રી દેવચંદ્રજી મહારાજજીએ શ્રી મૂળ સ્વરૂપના આદેશ અનુસાર બ્રહ્મપ્રિયાઓને જાગ્રત કરવા માટે નવો સંપ્રદાય સ્થાપ્યો. તેઓ જે અખંડ લીલા પ્રકટ કરી શકતા હતા તે અદ્‌ભુત હતી. શ્રી દેવચંદ્રજી મહારાજ દ્વારા એ પ્રકટ થઈ હોઈ અર્થાત્ પોતાના



Shri Prannath Ji Pustkalay

દ્વારા નિજાનંદ સ્વરૂપ વ્યક્ત થતું હોવાથી એમણે સંપ્રદાયનું નામ નિજાનંદ સંપ્રદાય રાખ્યું. શ્રી દેવચંદ્રજી મહારાજજીએ વિ.સ. ૧૬૭૯(ઇ.સ.૧૬૨૨)માં જામનગરને કાર્યક્ષેત્ર બનાવી તારતમ જ્ઞાનનો પ્રસાર કરવા માંડયો.

શ્રી દેવચંદ્રજી મહારાજ વેદ, વેદાંત અને ભાગવતના રહસ્યોને સરળ શબ્દોમાં સમજાવતા હોવાથી ઘણાં લોકોએ એમની પાસેથી તારતમ મંત્ર ગ્રહણ કર્યો.

આમ સુંદરબાઈ(દેવચંદ્રજી)ના સાથ(સમૂહ)માં ભળવાથી એમના શિષ્ય સુંદરસાથ તરીકે ઓળખાયા. આ નિજાનંદ સંપ્રદાયમાં પ્રથમ મંત્ર ગ્રહણ કરવાનું શ્રેય જામનગરના લોહાણા ગૃહસ્થ ગાંગજીભાઈને મળ્યું. શ્રી દેવચનદ્રજી સાથે તેઓ પણ કાનજી ભટ્ટની કથા નિયમિત સાંભળતા હતા અને તેની તથા દેવચંદ્રજી વચ્ચે વખતો વખત ભાગવતના પ્રસંગો અને તથ્યો વિશે ચર્ચા પણ થતી. દેવચંદ્રજી એનું નિરાકરણ પણ કરતા. આમ લાંબા સમયથી થતી ધર્મ ચર્ચાને અંતે શ્રી દેવચંદ્રજીને સાક્ષાત્કાર થયાની જાણ થતાં ગાંગજીભાઈએ શ્રી દેવચંદ્રજીને પોતાના ગુરુ તરીકે સ્વીકાર્યા. એમના આગ્રહથી શ્રી દેવચંદ્રજી પોતાની ધર્મ-ચર્ચા અને ઉપદેશ માટે એમના ઘરને કેન્દ્ર બનાવ્યું. અહીં ચાકળા પર બેસી દેવચંદ્રજી ચર્ચા કરતા હતા તેથી એ જગ્યા ‘ચાકલા મંદિર’ તરીકે ઓળખાવા લાગી. અહીં કથા વાર્તા અને ઉપદેશ થતાં રહ્યાં અને એમનો સાથ વધતો ચાલ્યો. શ્રી મહેરાજના મોટાભાઈ ગોવર્ધન દેવચંદ્રજીના અહીંના રોકાણના છેવટના સમયમાં આવ્યા હતા.

શ્રી દેવચંદ્રજી જયાં પહેલા પરિવાર સહિત નિવાસ કરતા તે સ્થાન આજે ‘રાજ મંદિર’ તરીકે પ્રસિદ્ધ છે અને ગાંગજીભાઈનું ઘર ‘ચાકલા મંદિર’ તરીક પ્રસિદ્ધ છે.

**ધર્મપીઠ નવતનપુરી ધામની સ્થાપના :** આ દરમ્યાન ગુરુ શ્રી દેવચંદ્રજીના માતાપિતા અને પત્ની લીલબાઈનું અવસાન થતાં એમના પુત્ર બિહારીજી અને પુત્રી યમુનાના ભરણપોષણની જવાબદારી ગાંગજીભાઈએ ઉપાડી લીધી હતી.

ગાંગજીભાઈને ત્યાં શ્રી કૃષ્ણ લીલાની ચર્ચાથી ભારે ભીડ જામતી, એનાથી કેટલાક ઈર્ષાળુઓએ કોટવાળને ફરિયાદ કરી કે દેવચંદ્રજી



Shri Prannath Ji Pustkalay

ગાંગજીભાઈનાં ઘરમાં લોકોને એકઠાં કરીને ચમત્કારો દ્વારા ભરમાવે છે. આ ફરિયાદની તપાસમાં કોઈ તથ્ય તો નીકળ્યું નહીં. પણ પોતાને કારણે ગાંગજીભાઈ જેવા સદ્‌ગૃહસ્થને સહન કરવું પડે એ ઉચિત નહિ જણાતાં શ્રી દેવચંદ્રજીએ ગાંગજીભાઈની ભારે વિનવણી છતાં પોતે અન્યત્ર જવાનું નક્કી કર્યું અને એ માટે વિ.સં. ૧૬૮૭ કારતક માસમાં જામનગર શહેરની બહાર એકાંત બગીચામાં ખીજડા વૃક્ષની નીચે કુટિર કરી ત્યાં ધર્મપીઠ સ્થાપી અને મંદિર બંધાવ્યું જે શ્રી ૫ નવતનપુરી ધામને નામે ઓળખાય છે. ખીજડાના વૃક્ષની એક નાનકડી ડાળખી તોડી એના બે ભાગ કર્યા. એક ટૂકડાને જમીનમાં રોપી દીધો, બીજા વડે દાતણ કર્યું. જેમાંથી એક સુંદર ખીજડાનું વૃક્ષ લહેરાવા લાગ્યું. જે આજ સુધી લહેરાઈ રહ્યું છે. સુંદરસાથના આગ્રહના લીધે પોતાના સ્વહસ્તે યમુનાજી પ્રકટ કર્યા.

**યહાં સે તી ઉદય ભઈ, ઉદયા મૂલ અંકુર ।**

વીતક ૧૩/૨૨

**પહેલે બીજ ઉદય હુઆ, પુરી જહાં નવતન ।**
**સબ પુરિયોંમેં ઉતમ, હુઈ ધન્ય ધન્ય ॥**

આ પ્રમાણે સૌથી પહેલા ધર્મનું બીજ નવતનપુરી ધામમાં ઉદય થયું. શ્રી પ્રાણનાથજી કહે છે કે આ બધી પુરીઓમાં ઉત્તમ છે.

**શ્રી પ્રાણનાથજી(મિહિરરાજ કે મહેરાજ)નો જન્મ નામકરણ અને પરિવાર :** જામરાવલ જામનગરના રાજા હતા. તેમના દીવાનનું નામ કેશવ ઠક્કર હતું જે કચ્છ કપાઈયાના રહેવાવાળા હતા. જામ રાજાએ કચ્છથી આવીને જામનગરનું રાજ્ય વસાવ્યું. તેમણે કેશવ ઠક્કરને દીવાન તરીકે નિયુક્ત કર્યા જે કચ્છથી જામનગર આવી ગયા. કેશવ ઠક્કરના ધર્મ પત્નીનું નામ ધનબાઈ હતું. કેશવ ઠક્કરના પાંચ પુત્રોનાં નામ આ પ્રમાણે હતા. હરવંશ, શ્યામજી, ગોવર્ધન, મિહિરરાજ અને ઉદ્ધવ.

લાલદાસજી કહે છે કે સંવત ૧૬૭૫(ઈ.સ. ૧૬૧૯)માં હાલાર દેશના નવાનગર(જામનગર)માં આસો વદિ(ગુજ. ભાદ્રપદ વદિ) ચૌદશને રવિવારના રોજ શ્રી પ્રાણનાથજીનો જન્મ થયો. એમની જન્મ કુંડળી બનાવનાર જ્યોતિષીનું



Shri Prannath Ji Pustkalay

કહેવું હતું કે તેઓ એક અસામાન્ય નરપુંગવ છે અને અજ્ઞાનરૂપી અંધકારને જ્ઞાનરૂપી મિહિર(સૂર્યપ્રકાશ) બની હટાવશે. આથી એમનું નામ મિહિરરાજ (મહેરાજ) રાખવામાં આવેલું.

**કેશવ ઠક્કર પરિવારની વંશાવળી :** વીતકોમાં મળતી વિગતોને આધારે શ્રી પ્રાણનાથજીનો સમગ્ર પરિવાર :

કેશવ ઠક્કર – પત્ની ધનબાઈ
હરિવંશ – પત્ની મેઘબાઈ
શામળજી – પત્ની સીતાબાઈ
ગોવર્ધન (ઉર્ફે ચતુર્ભુજ) – પત્ની પદ્માવતી
મિહિરરાજ – પત્ની ફૂલબાઈ તથા તેજબાઈ
ઉદ્ધવ(ઉર્ફે ગોવિંદજી) – પત્ની માનબાઈ.
શામળજીના પુત્ર પ્રેમજી – પત્ની સબીરાબાઈ
શામળજીના પુત્ર વિસનજી – પત્ની પૂરબાઈ
વિસનજીના પુત્ર પીતાંબર – પત્ની રતનબાઈ
પીતાંબરના પુત્ર કાનજી, નાનજી

**શ્રી પ્રાણનાથજીના ઘરમાં તારતમ કેવી રીતે પહોંચ્યું :** દીવાન પરિવારમાં મહેરાજ સુખપૂર્વક ઉછેરવા લાગ્યા. એની સાથે એમના પર ઘરના વૈષ્ણવી સંસ્કાર પણ દૃઢ થતા ગયા. તેમના સૌથી મોટાભાઈ હરિવંશનાં પત્ની મેઘબાઈ ધાર્મિક હતા. આ મેઘબાઈની ભત્રીજી અજબાઈ જામનગરમાં ગાંગજીભાઈ લોહાણાના સુપુત્ર શ્યામભાઈ સાથે પરણાવી હતી. ગાંગજીભાઈને ત્યાં નિજાનંદ સંપ્રદાયના આચાર્ય શ્રી દેવચંદ્રજી દિવસમાં ત્રણ ત્રણ વાર શ્રી કૃષ્ણનાં સાક્ષાત્ દર્શન કરાવે છે એ વાત અજબાઈ પાસેથી મેઘબાઈએ સાંભળી. વળી પોતાની દેરાણી પદ્માવતી પણ એ લીલાનાં દર્શન કરી આવી હોઈ એણે પણ સાક્ષી પૂરી. ભાભીની સૂચનાથી કેશવ ઠાકુરના ત્રીજા પુત્ર ગોવર્ધનજી ગાંગજીભાઈને ત્યાં ગયા અને બ્રહ્માનંદ લીલાનો યથાર્થ અનુભવ કર્યો. આ વખતે મહેરરાજની ઉમર ૧૨ વર્ષની હતી. ગોવર્ધનભાઈ દ્વારા મહેરાજ શ્રી દેવચંદ્રજીના સંપર્કમાં આવ્યા.



Shri Prannath Ji Pustkalay

**શ્રી મેહેરાજનો સદ્‌ગુરુ શ્રી દેવચંદ્રજી સાથે મેળાપ :** શ્રી મેહેરાજના સદ્‌ગુરુશ્રી દેવચંદ્રજી સાથેના મેળાપને સંપ્રદાયના વીતકોમાં ભારે મહત્ત્વ આપવામાં આવ્યું છે. મોટાભાઈ ગોવર્ધન પાસેથી પરમધામની લીલા અંગે સાંભળીને શ્રી મહેરાજે એમની સાથે ગુરુ દર્શને જવાની હઠ લીધી. ગોવર્ધનભાઈએ કહ્યું તેમના હુકમ વગર મારાથી તમને લઈ જવાય નહીં.

**તબ કહ્યા ગોવર્ધનકો, મોહે લે જાઓ તુમ ।**
**કહ્યા એ મોસોં ના હોવહીં, બિના શ્રી દેવચંદ્રજી કે હુકમ ॥**

વીતક ૧૩/૪૦

ગોવર્ધનભાઈએ ગુરુદેવને કહ્યું કે મારો નાનો ભાઈ જે ૧૨ વર્ષનો છે તે પણ આપની પાસે આવવા માગે છે.

**તબ આજ્ઞા દઈ શ્રી દેવચંદ્રજીને લ્યાઓ બુલાયે શ્રી મિહિરાજ ।**
**બાલ વય વસ્તુ આવત, સો હોવે પૂરણ કામ ॥**

વીતક ૧૩/૪૩

શ્રી દેવચંદ્રજી મહારાજે ગોવર્ધનભાઈને આદેશ આપ્યો કે મેહેરાજને અત્રે લઈ આવો. આમ વિ.સં. ૧૬૮૭ માગશરનો મહિનો શુક્લ પક્ષ અને નવમી તિથિ હતી. મહેરાજ ઠાકુર પોતાના મોટાભાઈ ગોવર્ધનભાઈ સાથે શ્રી દેવચંદ્રજી મહારાજના ચરણોમાં પહોંચ્યા અને પ્રણામ કર્યા.

**સંવત સોલહ સૈ સતાસિયા, માગસર સુદિ નવમ ।**
**મિલાપ શ્રી દેવચંદ્રજી સો, હુયે દાખિલ કોમ ॥**

**આયકે ચરણોં લગે, તબહી દઈ જો નિધ ।**

વીતક ૧૩/૪૮-૫૦

શ્રી મહેરાજમાં પરમધામની ઇંદ્રાવતી સખીની સુરતા પારખીને, દેવચંદ્રજીએ એમને તારતમ મંત્ર પ્રદાન કરી સુંદરસાથમાં સામેલ કર્યા. સદ્‌ગુરુ પોતાના સદ્‌શિષ્યને તરત પારખી જાય તેમ તેઓ પોતાના આ જ્ઞાન વારસને તુરંત પારખી ગયા, આથી પરસ્પરનો અવ્યક્ત અનુબંધ વ્યક્ત થયો. આમાં ઉંમર ગૌણ બની જાય એ સહજ છે.



Shri Prannath Ji Pustkalay

**શ્રી મહેરાજની તારતમ દીક્ષા :** આ પ્રમાણે નિજાનંદ સ્વામીએ પોતાનો વરદ હસ્ત મહેરાજના શિર પર મૂકી એમનું અંતસ્તલ ભાવથી સ્વાગત કર્યું અને તેમને તારતમ મંત્ર પ્રદાન કર્યો. આ રીતે જ્યારે ગુરુએ પોતાને અપનાવી લીધો એ જાણીને મહેરાજને અનહદ આનંદ થયો. તેમનો સદ્દગુરુ પ્રત્યે પૂજ્યભાવ દિન પ્રતિદિન વધવા લાગ્યો. તેઓ વિરક્તિના રંગે રંગાવા લાગ્યા. બે વખત મંદિરે જતા અને ઘણો વખત મંદિરમાં ગાળવો એ એમનો નિત્યક્રમ થઈ ગયો.

**સાક્ષાત્કાર માટેની તાલાવેલી અને દેહદમન :** વિ.સ. ૧૬૯૯ માં ગોવર્ધનજીનો દેહાંત થયો. મોટાભાઈના ધામગમન બાદ આ ક્ષણભંગુર જગત પ્રત્યેનો મોહ મહેરાજને ઓછો થઈ ગયો. મન વાણી અને કાયાથી માયાનો ત્યાગ કરી તેઓ આત્માને નિર્મળ બનાવવા શરીરને કષ્ટ આપવા લાગ્યા. અજ્ઞાનનાં આવરણ હટવાં મુશ્કેલ જણાતાં તેઓ પોતાના ગુરુને શરણે ગયા. નિજાનંદ સ્વામીએ એમને પરમધામની શ્રી ઈન્દ્રાવતી સખીની સુરતા રૂપે ઓળખાવી પોતાના મૂળ સ્વરૂપનું અનુસંધાન કરવા પ્રેરણા આપી.

મહેરાજને સતત થયા કરતું કે દેવચંદ્રજી પોતે પરમધામને જુએ છે તો હું કેમ ધામ અને ધામધણીને જોઈ શક્તો નથી ? ત્યાંના મારા મૂળ સ્વરૂપને ત્યાંની મારી વીતકનો કેમ સાક્ષાત્કાર કરી શક્તો નથી ? નક્કી મારે જાતે જ મહેનત કર્યા વગર આ સિદ્ધ થઈ શકે એમ નથી. બસ હવે તો મારે ધામની લીલાનો સાક્ષાત્કાર માટે જાતે જ નિજાનંદ પ્રાપ્ત કરવો અને એ ધામ તણું સુખ પ્રાપ્ત કરવું આવો દઢ નિશ્ચય કરીને પોતાના દેહને ભારે કષ્ટ આપવા માંડ્યું.

દેહને અનેક વિધ કષ્ટ આપી એમણે પોતાના ચિત્તને પૂર્ણપણે ધામધણી સાથે જોડ્યું. સંસારની પૂર્ણ વિરક્તિની સાથે આત્માના તાર પરમાત્મા સાથે જોડવા ભારે પુરુષાર્થ કરવા લાગ્યા.

મહેરાજના આવા તીવ્ર વૈરાગ્યથી ગાંગજીભાઈના બહેન વાલબાઈને ચિંતા થઈ. તેઓએ નિજાનંદ સ્વામીને પ્રાર્થના કરી કે,

**એક ભાઈ પહિલે ચલા, અબ યહ હુઆ તૈયાર ।**
**તુમ ક્યોં ન કહત હો, ડર નહિ લગત લગાર ॥**

વીતક ૧૪/૨૮



Shri Prannath Ji Pustkalay

આથી દેવચંદ્રજીએ મહેરાજને તત્કાલ પરમધામના દર્શનની હઠ ન કરવા સમજાવ્યું. આ દરમ્યાન તેમના પિતાએ કુતિયાણાના પ્રેમજીભાઈના પુત્રી ફૂલબાઈ સાથે મહેરાજના લગ્ન કરાવી દીધા. ગૃહસ્થ બન્યા છતાં શ્રી મહેરાજને લૌકિક કાર્યોમાં રસ પડતો નહતો તેથી ગુરુએ મહેરાજને વિશિષ્ટ કાર્યોમાં રોકવાનું ઉચિત માન્યું.

**શ્રી મહેરાજને ખેતાભાઈને સ્વદેશ લાવવાની જવાબદારી સોંપી :** વિ.સં. ૧૭૦૩ (ઇ.સ. ૧૬૪૭)ના દેવચંદ્રજીએ મહેરાજને અરબસ્તાન જઈ ગાંગજીભાઈના ભાઈ ખેતાભાઈને સ્વદેશ પાછા લઈ આવવાની કામગીરી સોંપી.

ચાલીસ દિવસનો દરિયો ખેડી મહેરાજ બરારબ(બસરા) પહોંચ્યા. ખેતાભાઈનો મેળાપ થયો. બધા સમાચારની આપ લે કરી. ખેતાભાઈ ઘણા ખુશ થયા અને સ્વદેશ પાછા આવવા રાજી થઈ ગયા.

ઘણાં વર્ષોનો લાખો રૂપિયાનો કારોબાર હોઈ મહેરાજને બધું સમેટવામાં ચાર વર્ષ લાગી ગયા. કમનસીબે ખેતાભાઈનું અવસાન થઈ ગયું. તે વખતે મહેરાજ ત્યાં ન હોવાથી વારસ કે ઉત્તરાધિકારીની અનુપસ્થિતિમાં ત્યાંના હાકેમે બધી માલમત્તા અને વખાર વગેરે પર સીલ મારી દીધા.

મહેરાજે આ હકીકત ગુરુને જણાવી. ગુરુશ્રી દેવચંદ્રજીએ મહેરાજને મદદરૂપ થવા પોતાના પુત્ર વિહારીજી અને ગાંગજીભાઈના પુત્રો શ્યામજી અને માનજીને અરબસ્તાન રવાના કરી દીધા.

તે દરમ્યાન મહેરાજે દોડધામ કરી બગદાદ જઈને સુલતાનને બધી હકીકત જણાવી અને ન્યાય કરવા કહ્યું. પરિણામે મહેરાજની મહેનતના ફળ સ્વરૂપ ટાંચમાં લીધેલી બધી મિલકત સુલતાન ઈમામે મહેરાજને પાછી અપાવી. આ બધું મહેરાજને જેવું મળી ગયું કે તે જ સમયે વિહારીજી, શ્યામજી અને માનજી ત્યાં આવી પહોંચ્યા. મહેરાજે બધી મિલ્કત તેમના દ્વારા જામનગર મોકલાવી દીધી. તેઓ હજુ બાકી રહેલી ઉઘરાણીનું કામકાજ પતાવવા રોકાઈ ગયા.

અપાર ધનરાશિ જોઈને ગુરુપુત્ર વિહારીજી અને શ્યામજીને તે બધું લઈ લેવાની લાલચ થઈ. એમણે બંનેએ મળીને એ દોલત(સંપત્તિ) અંદરો અંદર વહેંચી લીધી અને માનજીને દરિયામાં ફેંકી દીધો.



Shri Prannath Ji Pustkalay

વિહારીજી તથા શ્યામજી જામનગર આવી ગુરુ દેવચંદ્રજી પાસે રજૂઆત કરી કે મહેરાજે માનજીની હત્યા કરીને સંપત્તિ પણ પચાવી પાડી છે. શ્રી દેવચંદ્રજી આ સાંભળીને મૌન રહ્યા.

**મહેરાજને વિહારીજી અને વાલબાઈના વ્યવહારથી થયેલો ખેદ :** વિહારીજી અને શ્યામજીએ એકાંતમાં મળીને વિચાર્યું કે જો મહેરાજ દેશમાં આવશે તો પોલ ખુલ્લી જશે, તેથી બંનેએ મળી વાલબાઈને મહેરાજના આવા હીન કૃત્ય માટે દરબારમાં ફરિયાદ કરવા તૈયાર કર્યા. એ ફરિયાદ અનુસાર જ્યારે મહેરાજ જામનગર આવ્યા ત્યારે એમના વહાણને જપ્ત કરવામાં આવ્યું અને બધા ચોપડાઓના હિસાબ તપાસવા તેઓને દોઢ માસ સુધી રોકી રાખ્યા.

મહેરાજના આદર્શ જીવનમાં જન્મથી સ્વાર્થને કોઈ સ્થાન નહોતું, વળી ખેતાભાઈના નિઃસ્વાર્થ કાર્ય માટે તેઓને ગુરુએ પરદેશ મોકલ્યા હતા એટલે ખેતાભાઈની જમાખર્ચની પાઈએ પાઈનો હિસાબ સમજાવી દેવાના રાજ્યના હુકુમનું પાલન કરવું એમનું કર્તવ્ય બનતું હતું. આથી તેઓ દરેક પ્રકારનો હિસાબ સમજાવવા રોકાયા અને પોતે આ કાર્ય કરવામાં સફળ પણ થયા.

અહીં ગુરુ શ્રી નિજાનંદ સ્વામીના મનમાં મહેરાજ પ્રત્યે અંતર નહતું પરંતુ પોતાની નિઃસ્વાર્થ સેવા પ્રત્યે વિહારીજી અને વાલબાઈના વ્યવહારથી મહેરાજને ખેદ થયો. વળી સુંદરસાથમાં પોતાને માટે અવિશ્વાસ ઉત્પન્ન થયેલો જોઈ ગ્લાનિના બોજથી એમણે બે વર્ષ સુધી ગુરુને મળવાનું ટાળ્યું. તે દરમ્યાન પોતાની ભોજાઈના મહેણાથી ખિન્ન થયેલા મહેરાજ જામનગર છોડી રોજગાર માટે ધ્રોળના ઠાકોર કલાજી પાસે ગયા.

**શ્રી મહેરાજ લૌકિક કામકાજથી નિવૃત્ત :** શ્રી મહેરાજજી ધ્રોળના ઠાકોર પાસે નોકરીમાં હતા તે દરમ્યાન નિજાનંદ સ્વામીના દેહત્યાગનો સમય નિકટ આવ્યો તેમણે મહેરાજને મળવા માટેના સંદેશાઓ મોકલ્યા. કારણ કે ગુરુ દેવચંદ્રજી મહેરાજના નિર્દોષપણાથી વાકેફ હતા. જેથી પોતાના સમર્થ શિષ્યથી હવે દૂર રહેવા માગતા નહોતા.

**શ્રી દેવચંદ્રજી કે દિલમે રહી બાત અટક ।**
**ફેર ફેર કહે બુલાઓ, મિહિરાજ રહે ખટક ॥**

વીતક ૧૫/૬૭



Shri Prannath Ji Pustkalay

ગુરુના હૃદયમાં મહેરાજની નવ વર્ષની જુદાગી(વિ.સં. ૧૭૦૩-૧૭૧૨) ગેરહાજરી બહુ ખટક્યા કરતી હતી. આથી અંતે વાલબાઈએ રૂબરૂ જઈને મહેરાજને બધી વાત કરી. આથી મહેરાજે હવે બધાં કાર્યો પડતાં મૂકી વિ.સં. ૧૭૧૨(ઇ.સ. ૧૬૫૬) ના ભાદ્રપદ ૮ ના દિવસે ધ્રોળથી નવતનપુરી આવી પહોંચ્યા. ગુરુ તેમને જોઈને પ્રસન્ન થયા અને પૂછ્યું રાજકાજથી મુક્ત થયા કે કેમ ? મહેરાજે પોતે બધા લૌકિક કાર્યો છોડી દીધાની ગુરુને ખાતરી આપી. શ્રી દેવચંદ્રજી પોતાના પુત્ર વિહારીજીને ધર્મના વારસ બનાવવાને બદલે ધર્મ કાર્યનો ભાર વંશવારસ કરતાં શ્રેષ્ઠ પાત્રતા ધરાવતી વ્યક્તિને જ સોંપવાનું નક્કી કર્યું.

**ધર્મના દાયિત્વની સોંપણી :** નિજાનંદ સ્વામી વારંવાર કહેતા : "ધામના દ્વાર પર ઈન્દ્રાવતી ઊભી ઊભી રડી રહી છે, એને છોડીને હું પરમધામ જઈ શકતો નથી". આમ નિજાનંદ સ્વામીને વિશ્વાસ થઈ ગયો હતો કે બ્રહ્મસૃષ્ટિની જાગૃતિનું કાર્ય શ્રી મહેરાજ દ્વારા સંપૂર્ણ સિદ્ધ થાય એમ છે.

આ પ્રમાણે નિજાનંદ સ્વામીએ જાગણીનું સંપૂર્ણ કાર્ય શ્રી મેહરાજને સોંપતાં કહ્યું કે સાકુંડલ અને સાકુમાર નામની બે પ્રબળ આત્માઓને જાગૃત કરીને એમને એમના સ્વ સ્વરૂપની ઓળખ કરાવી તેમજ પરમધામની અન્ય સુરતાઓને પણ જાગૃત કરવાની છે. આમ બાર હજાર બ્રહ્મસૃષ્ટિ તેમજ ચોવીસ હજાર ઈશ્વરી સૃષ્ટિને પણ જાગૃત કરવાની છે. શ્રી મહેરાજ અને બિહારીજીએ સદ્ગુરુના આગ્રહથી સાથે ભોજન કર્યું. ત્યાર બાદ નિજાનંદ સ્વામીએ પોતાનું ચિત્ત પરમધામમાં સ્થિર કર્યું.

બાવીસ દિવસ સુધી શ્રી મહેરાજ તથા સુંદરસાથને ધર્મોપદેશ આપી વિ.સં. ૧૭૧૨(ઇ.સ. ૧૬૫૬)ના ભાદ્રપદ સુદ ચૌદસને બુધવારે નિજાનંદ સ્વામીએ ધામગમન વખતે વાલબાઈના આગ્રહથી ગાંગજીભાઈનું ઘર અને પોતાનું ઘર વિહારીજીને આપી અને ધર્મનું સંપૂર્ણ દાયિત્વ તેમજ બ્રહ્મસૃષ્ટિની જાગણી કરવાનું ધર્મ કાર્ય શ્રીજીને પ્રદાન કર્યું.

**શ્રી મહેરાજનું વૈવાહિક જીવન તથા સંઘર્ષ :** શ્રી મહેરાજને સંસારથી વિરક્ત થતાં જોઈને કેશવ ઠાકુરે તેમનો વિવાહ કુતિયાણા ગામમાં પ્રેમજીભાઈની પુત્રી



Shri Prannath Ji Pustkalay

ફૂલબાઈ સાથે કરી દીધો. સંયોગથી તેમને સાધ્વી પત્ની મળી હતી. ક્યારેય તે મહેરાજના ધાર્મિક માર્ગમાં અડચણ બની નહોતી ઊલટું તેમણે ધર્મ માટે પોતાના પ્રાણનો ત્યાગ કરી દીધો.

પોતાના સદ્‌ગુરુના ધામગમનથી ઉદ્વિગ્ન વાતાવરણને લીધે થોડો સમય શોક મગ્ન સ્થિતિમાં પસાર થયા અને ધર્મોપદેશનું કાર્ય બંધ રહ્યું. શ્રી મહેરાજ દેવચંદ્રજીના નાદ પુત્ર હતા અને વિહારીજી તેમના બિંદુ પુત્ર હતા. વિહારીજીના મનમાં મહેરાજજી પ્રત્યે દ્વેષ પણ હતો. ત્યારબાદ મહેરાજે વિચાર્યું કે શ્રી નિજાનંદ સ્વામીએ બ્રહ્મસૃષ્ટિને જાગૃત કરવાનું કાર્ય સોપ્યું છે તે વિહારીજીને ચાકલા મંદિરની ગાદીપર બેસાડીને પણ થઈ શકે. આમ વિચારી વાલબાઈની ઈચ્છાનુસાર મહેરાજે વિહારીજીને ગાદીપર બેસાડ્યા. આ માટે સુંદરસાથને પણ યોગ્ય રીતે સમજાવ્યા અને પછી વિહારીજીની સંમતિ લઈને મહેરાજજીએ જામનગરના જામ સાહેબની સેવામાં કારભારી તરીકેનું કાર્ય સંભાળ્યું.

આ પ્રમાણે દેવચંદ્રજીના ધામગમન પછી ગુરુપુત્ર વિહારીજી ગાદીપર બેઠા. મહેરાજ મંદિરમાં નિયમિત આવીને સવાર સાંજ પરમધામની ચર્ચા કરતા. સુંદરસાથ નિયમિત રીતે મંદિરે આવતા, જેમાં એક સુંદરસાથે એક દિવસ વિહારીજીને વિનંતિ કરી કે મને ખૂબ કામ રહેતું હોવાથી અને બહુ દૂર રહેતો હોવાથી દિવસમાં બે વાર મંદિરે આવી શકું એમ નથી. જો મને એકવાર આવવાની છૂટ અપાય તો હું મારા વ્યવહાર કાર્ય પણ બરાબર નિભાવી શકું. આ વાત વિહારીજીને અપમાન જનક લાગી અને તેને સુંદરસાથમાંથી કાઢી મૂકવામાં આવ્યા, આથી તેઓ આમરણાંત ઉપવાસ પર ઉતર્યા. તેમની સ્થિતિ વધારે બગડી ત્યારે મહેરાજની ધર્મપત્ની ફૂલબાઈએ એમને સમજાવી પટાવી પારણાં કરાવ્યા. વિહારીજીને જ્યારે આ વાતની ખબર પડી ત્યારે તેઓ ખૂબ ગુસ્સે થયા અને મહેરાજને સ્પષ્ટ શબ્દોમાં કાં તો પત્નીને અથવા તો પોતાને અર્થાત્ ધર્મને છોડવાનો આદેશ આપ્યો. આથી મહેરાજજીએ ગુરુપુત્રની આજ્ઞા માથે ચડાવી પોતાની પતિવ્રતા પત્નીનો ત્યાગ કર્યો. તે દિવસથી તેઓ ઘરે ગયા નહીં. છ માસનો વિયોગ થતાં ફૂલબાઈએ અન્નજળ છોડી પોતાનો દેહ ત્યજી દીધો.



Shri Prannath Ji Pustkalay

**ધર્મ કાર્યમાં વિઘ્ન અને નજર કેદ :** ગૃહસ્થ જીવનથી મુક્ત થયા પછી મહેરાજજી વધારે સમય ધર્મમાં વ્યસ્ત રહેતા. આ દરમ્યાનમાં એક દિવસ તેઓને સદ્દગુરુની પાછળ ભંડારો કરવાનો મનોરથ થયો. આ માટે એમણે સામગ્રી એકઠી કરવા માંડી ત્યારે નગરના કેટલાક ઈર્ષાળુ લોકોએ રાજ્યમાં એમના વિરુદ્ધ ફરિયાદ કરી કે મહેરાજે કેટલુંક ધન તેમજ સામગ્રી રાજ્ય સંપત્તિમાંથી એકઠાં કર્યા છે.

આ સાંભળી જામ નરેશ રણમલજીના મંત્રીએ ત્રણેય ભાઈઓ મહેરાજ, શામલજી અને ઉદ્ધવજીને દરબારમાં રાખ્યા. આ ત્રણેયને નજરકેદ કરવાનો પ્રસંગ વિ.સં. ૧૭૧૪ માં બન્યો. એમને નજરકેદ કરી પૂરી તપાસ કરાય એ પૂર્વ જામનરેશ તેમજ વજીર અમદાવાદ ગયા.

સંપ્રદાયના સાહિત્યમાં આ બનાવ વિ.સં. ૧૭૧૪(ઇ.સ. ૧૬૫૮) માં બનેલો નોંધાયો છે, પરંતુ ગુજરાતનો ઈતિહાસ તપાસતાં જોવા મળે છે કે ઈ.સ. ૧૬૫૮ માં દિલ્હીમાં ઔરંગઝેબે પોતાના પિતા શાહજહાંને કેદ કરી ગાદી મેળવી અને ૨૧ જુલાઈ, ઇ.સ. ૧૬૫૮ ના રોજ દિલ્હીમાં પોતાની તાજપોશી કરાવી હતી. એણે પોતાના સસરા શાહનવાઝખાન સફવીને ગુજરાતના પ્રથમ સૂબેદાર તરીકે નીમ્યો. એ શાહનવાઝ ઈ.સ.૧૬૫૮-૫૯ સુધી ગુજરાતનો સૂબેદાર રહ્યો, જે પછીથી અજમેર પાસે દેવરાઈના ઘાટમાં થયેલી ભીષણ લડાઈમાં માર્યો ગયો અને ત્યારબાદ ઈ.સ.૧૬૫૯ માં ઔરંગઝેબે ગુજરાતની સૂબેદારી જોધપુરના મહારાજા જશવંતસિંહને સોંપી અને રહમતખાનને પ્રાંતનો દીવાન તથા કુત્બુદ્દીનખાન ખેશગીને સૌરાષ્ટ્ર પ્રદેશના ફોજદાર તરીકે નીમવામાં આવ્યા. ગુજરાતના સૂબેદાર જશવંતસિંહને દખ્ખણમાં જઈ શિવાજી સામે કામગીરી કરવાની હતી તેથી કુત્બુદ્દીનને ત્યાં સુધી ગુજરાતની સૂબેદારી સંભાળવાની હતી.

આ બાબતને લક્ષમાં લેતાં મહેરાજજીને નજરકેદ કર્યા પછીની દિલ્હી અને અમદાવાદમાં મુઘલ અફસરોની નિયુક્તિ અંગે થયેલ ઊથલપાથલના સંદર્ભમાં લગભગ એક વર્ષ જેટલો સમય ગયો હોવાનું જણાય છે. આથી જામનરેશ રણમલજી તથા એના વજીર સંબંધ વધારવા સૂબા કુત્બુદીનને મળવા ૧૬૫૯ માં અમદાવાદ ગયાનું પ્રતીત થાય છે. જામ નરેશ ગુજરાતના



Shri Prannath Ji Pustkalay

સૂબેદારને વશવર્તી હોઈ, આવી ઊથલપાથલ વખતે સૂબેદારને રૂબરૂ મળવું આવશ્યક હોઈ તેઓ ગયા હશે.

**તારતમ વાણીનું પ્રાકટ્ય :** આ બાજુ શ્રી મહેરાજજીને પોતાના ગુરુ પાછળ ભંડારો કરવાનો મનોરથ પૂરો કરવામાં આવી પડેલ ભારે વિઘ્નથી ગ્લાનિ થઈ, એની સાથે પોતાના ગુરુનો વિરહ ઉત્પન્ન થયો. આ વિરહાવસ્થામાં તેઓએ ધામધણી પાસે ખૂબ વિલાપ કર્યો. આ પ્રકારે વિરહ વિલાપ અને પ્રેમની ઉત્કટતાથી એમને દિવ્ય પ્રકાશ દેખાવા લાગ્યો અને હ્દયમાંથી શબ્દાતીત વાણી પ્રવાહિત થવા લાગી. ધામધણીની પ્રેરણાથી તારતમ વાણીનું અવતરણ થયું. ત્યારબાદ રાસલીલાના અખંડ સ્વરૂપની અનુભૂતિ થવા લાગી. આ તારતમ વાણીના અવતરણ અંગે શ્રી મહેરાજજીએ રાસ અને પ્રકાશ નામના જે ગ્રંથો પ્રકટ કર્યા તેમાં નિર્દેશ આ પ્રમાણે છે,

**મેં મારું બળ જાણ્યું, હું તો છું અતિ મૂઢ ।**
**એ થાય સરવે ધણી થકી, તે મેં કીધું દ્રઢ ॥**

રાસ ૧/૨૭

**જેટલી મનમાં ઉપજે વાત, તે સહુ આતમ પૂરે સાખ ।**
**મન જીવને પૂછે જેહ, ત્યારે જીવ સહુ ભાજે સંદેહ ॥**

રાસ ૨/૧-૨

**ન કાંઈ મનમાં ન કાંઈ ચિત્ત, ન કાંઈ મારે રદે એવડી મત ।**
**એક વચન સમુ ન કહેવાય, એ તાં આવ્યો જાણે પૂર તણો દરિયાય ॥**
**શ્રી સુંદરબાઈ લઈ આવિયા, ઈન્દ્રાવતી ઉપર પૂરણ દયા ।**
**રુદે બેસી કહેવરાવ્યું એહ, સાથ માટે કીધાં સનેહ ॥**

પ્રકાશ ૪/૧૨

**એટલું તમે જાણો નિરધાર, આ વચન મેહેરાજ થકી પ્રગટ ન થાય ।**
**આપણ ઘરની નહીં એ વાત, જો કિવ કરી માંડીએ વિખ્યાત ॥**

પ્રકાશ ૪/૧૪

આમ શ્રી મહેરાજજી આ વાણી માટે પોતાના ગુરુ શ્રી દેવચંદ્રજી (શ્રી શ્યામાજી)ની કૃપાને મુખ્ય કારણ રૂપ ગણાવે છે. એ વાણી પોતાના



Shri Prannath Ji Pustkalay

હૃદયમાં અનુભૂતિથી દરિયામાં આવતી પ્રબલ ભરતીની જેમ પ્રગટતી અનુભવે છે. વાણીને નાનાભાઈ ઉદ્ધવજીએ લખવા માંડી હતી.

જે જે વાણી ઉતરી, કરે ઉતારનું કામ ।
ઉત્તમબાઈની વાસના, ઉદ્ધવજીભાઈ નામ ।।
તેણે કાગળ ભેગાં કરી, કીધું પુસ્તક એક ।
શ્રી ધામતણાં સુખ કેણી પેરે કહું, જે તારતમે કરી દીધાંજી ।।
નૌતનપુરીમાં મનોરથ કીધાં, તે વિધ વિધના મારા સિધાંજી ।
ઈન્દ્રાવતીને એકાંત સુખ દીધાં, આપ સરીખડી કીધીજી ।।

વર્તમાન દીપક કિરણ ૨૭ ચો. ૨૬-૨૭

(આમાં ઉદ્ધવભાઈને પરમધામની ઉત્તમબાઈની વાસના તરીકે વર્ણવેલ છે.)

આમ પ્રેમાવેશમાં પ્રથમ 'રાસ ગ્રંથ' પૂર્ણ થયો ત્યારબાદ 'પ્રકાશ' અને 'ષટઋતુ'ની રચના થવા લાગી. લાલદાસ કૃત વીતક અને વર્તમાન દીપકમાં કઈ રચના ક્યાં, ક્યારે અને કઈ ભાષામાં થઈ એનું વર્ણન છે. (લા. વી. ૧૭/૧૮)

આમ નજરકેદમાં શ્રી મહેરાજજીને પ્રબોધ થયો અને વિ.સં. ૧૭૧૫ માં ત્રણ ગ્રંથો ઉતર્યા. સાંપ્રદાયિક વૃત્તોમાં જણાવ્યું છે કે પ્રબોધપુરીમાં દિવ્ય પ્રકાશનું અવતરણ થયું અને એ પ્રકાશ આસ-પાસ પણ દેખાવા લાગ્યો. આ પ્રબોધપુરીની નજીકમાં જ રાણીવાસ હતો. રાણીઓએ આ પ્રકાશ પ્રત્યક્ષ નિહાળ્યો. એવામાં જામનરેશ તથા વજીર જામનગર પાછા ફર્યા ત્યારે એમણે રાણીઓ પાસેથી આ વૃત્તાંત સાંભળી તપાસ કરાવી અને પોતાની ભૂલ સમજાતાં શ્રી મહેરાજજીને એમના બંધુ સમેત સ-સન્માન મુક્ત કર્યા તથા આવા મહાપુરુષને પીડવા બદલ પશ્ચાતાપ કરી એમને શિરપાવથી નવાજ્યા.

હબ્સામાં ઉતરેલા વાણી-ગ્રંથો રાસ પ્રકાશ અને ષટઋતુ વગેરે ગ્રન્થોને લઈને શ્રી મહેરાજજી ઘરે આવ્યા અને વિહારીજીને બધી હકીકત કહી સંભળાવી. શ્રી તારતમવાણી પ્રગટ થવાથી સુંદરસાથને ખૂબ આનંદ થયો અને બધાંને ખાતરી થઈ કે સુંદરસાથની જાગણી શ્રી મહેરાજજીના જ હાથમાં છે.



Shri Prannath Ji Pustkalay

**પુનઃ સંસાર બંધનમાં - તેજબાઈ સાથે લગ્ન :** તારતમવાણી પ્રત્યે સુંદરસાથની આવી શ્રદ્ધા અને મહેરાજજી પરનો ધામધણી ભાવ જોઈ વિહારીજીને પોતાનું સ્થાન ડગમગતું લાગ્યું. વળી શ્રી મહેરાજજીના અલૌકિક જ્ઞાનના મુકાબલામાં વિહારીજીના ઉપદેશનું ગૌરવ વધી શકતું ન હોવાથી વિહારીજીએ વિચાર્યું કે મહેરાજજીના વિવાહ કરીને એમને લૌકિક કાર્યોમાં બાંધી દેવા ઉચિત છે. આથી વિહારીજીએ મહેરાજજીને ફરીથી લગ્ન કરવાની સલાહ આપી, પરંતુ મહેરાજ તો હવે સર્વ પ્રકારે વીતરાગ બની ચૂક્યા હતા આથી તેઓએ વિવાહ કરવાની અનિચ્છા બતાવી.

વીતકોમાં જણાવ્યા અનુસાર એવામાં વિ.સં. ૧૭૧૬(ઈ.સ. ૧૬૬૦) માં એક વિચિત્ર ઘટના બની. આ સમયે મહેરાજજીને કોઈ કાર્ય પ્રસંગે જૂનાગઢ જવાનું થયું. વચ્ચે ધોરાજીમાં પ્રાતઃકાળે સ્નાન માટે તેઓ રોકાયા. ગામ બહાર નદીના કિનારા પર બેસી મહેરાજજી સ્નાનાદિ કરવા લાગ્યા. ધોરાજીમાં વીરજી ભાણજી નામે એક લોહાણા ક્ષત્રિય રહેતા હતા. તેની તેજકુંવર નામની કન્યા પોતાના પિતા(વીરજીભાઈ) સાથે નદી પર પાણી ભરવા માટે આવી ત્યારે એ કન્યાએ શ્રી મહેરાજજીને બેઠેલા જોઈ ઘૂંઘટ કાઢ્યો. લાજનો આ ઘૂંઘટો જોઈ પિતાએ પૂછતાં તેજકુંવરે જવાબ આપ્યો કે સામે વ્યક્તિ ધર્મ ધ્યાન કરે છે તેઓ મારા પતિદેવ છે. આમ કહી એણે પૂર્વ જન્મની કથા કહી સંભળાવી. તેજકુંવરીની આ વાત લક્ષમાં લઈ એના પિતાએ શ્રી મહેરાજજીને પોતાની પુત્રી સાથે લગ્ન કરવા વિનવણી કરી. વિહારીજીએ આ વાતની પુષ્ટિ આપી તેથી શ્રી મહેરાજજીને લગ્ન કરવાની ફરજ પડી.

**અમદાવાદમાં નજરબંધ અને મુક્તિ :** જૂનાગઢનું કાર્ય પતાવી શ્રી મહેરાજજી નૌતનપુરી પાછા ફર્યા. આ દરમ્યાનમાં વિ.સં. ૧૭૧૯(ઈ.સ. ૧૬૬૩)માં રાજ્યનો કર ન ભરી શકવાના કારણથી ત્યાંના રાજા જામ રાવલજી પર અમદાવાદના સૂબા કુતુબુદ્દીને ચડાઈ કરી ત્યારે જામનરેશે એને વિ.સં. ૧૭૨૦ સુધીમાં રાજકર(ચોથ) રૂપે નવલાખ કોરી આપવાનું વચન આપીને સમજાવટ કરી, પરંતુ નક્કી કરેલા સમય સુધીમાં મુદ્રા ન મળવાથી કુતુબુદ્દીન ક્રોધિત થયો, આથી જામ રાજા દીવાન કારભારી શ્રી મહેરાજ ઠક્કરને લઈને વધારે મુદત માગવા અમદાવાદ ગયા. અંતે એવું નક્કી થયું કે જામ રાજા એના



Shri Prannath Ji Pustkalay

દીવાન(મહેરાજજી)ને મૂકીને જાય અને જો એ નિશ્ચિત મુદત સુધીમાં મુદ્રા ન આપી શકે તો કારભારી સાથે કુતુબુદ્દીન મન માન્યો વ્યવહાર કરી શકશે.

આ ઘટના વર્તમાન દીપકમાં શ્રી લલ્લુજી ભટ્ટે વિગતવાર વર્ણવી છે. રાજાએ મુઘલ સૂબાને કોલ આપ્યો કે,

**એક બે માસમાં મોકલું, સત્ય કહું એમ કોલમાં ।**
**એમ વિશ્વાસ આવે નહીં, તો દીવાન રાખો ઓલમાં ॥**

કિરણ ૩૦ ચો. ૧૫

આમ કહી દીવાનને બાનમાં મૂક્યા. કુતુબે જામરાજાને કહ્યું કે જો પાંચ માસમાં તમે બાકીની રકમ નહિ પહોંચાડો તો દીવાનની લાજ લોપવામાં આવશે.

એ પછી જામસતાજી નવાનગર પાછા ફર્યા. પ્રયત્નો કરવાથી પણ સમય સર કર ભરી શક્યા નહિ. આથી મહેરાજજીની ચિંતા કરતા સુંદરસાથે તપાસ કરવા માટે કાનજીભાઈને અમદાવાદ મોકલ્યા. તેઓ પાંચ દિવસ પગે ચાલી અમદાવાદ આવ્યા અને સ્ત્રીવેશે મહેરાજને મળ્યા તથા પોતાના જીવના જોખમે શ્રી મહેરાજને મુક્ત કરવા માટે એમને વિનવ્યા મહેરાજજી કાનજીભાઈનો સ્ત્રીવેશ ધારણ કરી ત્યાંથી રાત્રે નીકળી ગયા. એમને સ્થાને રહેલા કાનજીભાઈ વિરક્ત વેશે કુતુબ પાસે પહોંચી ગયા. સૂબેદારે બીજા દિવસે સવારે દીવાનને હાજર કરવા ફરમાન કર્યું. સૂબેદારે દીવાન ક્યાં ગયા અને તમે અહીં કેવી રીતે આવ્યા વગેરેની પૂછપરછ કરી ત્યારે કાનજીએ હિંમતપૂર્વક કહ્યું કે અહીં તો ખુદ ઈમામ આવીને ગયા અને મને તો મોમિનોની સંભાળ લેવા મોકલ્યા છે.

**ક્યામત આવી પાસ, હિંદમાં જાહેર થશે ।**
**યહુદ યવન ગુરુ શિષ્ય રાવ તણા તોળાશે ॥**

**આ સદી અગિયારની, એ ઈમામ આવી ગયા ।**
**મુજને કહેવા મોકલ્યો, એ બરસ મોમિન ભેગા થયા ॥**

આવું બોલતા કાનજીભાઈને દીવાના ગણી છોડી મૂકવામાં આવ્યા (વર્ત. દીપક કિ. ૩૦ ચો. ૪૬) શ્રી મહેરાજજીને સુબેદારને ત્યાં રહેતા પરમાત્માએ ધ્યાનમાં કહેલું કે હવે તમારે અહીંથી મુક્ત થઈને છાનામાના



Shri Prannath Ji Pustkalay

જામનગર જવાનું અને નવતનપુરી ધામની વ્યવસ્થા ગોઠવી વધારે લોકોને મળ્યા વગર દીવ જવાનું. તેઓ જામનગર પાછા ફર્યા. તેમનું મન સંસારમાંથી બિલકુલ વિરક્ત થઈ ગયું હતું. તેઓ નવતનપુરીની વ્યવસ્થા કરીને વિ.સં. ૧૭૨૨(ઇ.સ. ૧૬૬૫) માં દીવ જવા રવાના થયા.

**દીવ અને ઠઠ્ઠામાં જાગણી :** તેઓ અમદાવાદથી નૌતનપુરી આવી પછી દીવ ગયા(લા.વી. ૨૦/૨)

કેટલાક સુંદરસાથ તેજકુંવરને(પત્ની) સાથે લઈને પાછળથી દીવ પહોંચ્યા. દીવમાં જેરામભાઈ કંસારાનો પ્રગાઢ પરિચય થયો. વસ્તુતઃ જેરામભાઈ એમના ગુરુભાઈ હતા. તેઓ લૌકિક માયામાં ડૂબેલા હોઈ ઘણા સમયથી જામનગર આવતા નહીં. એમની અવદશા જોઈ મહેરાજજીએ એમની સાથે 'મૂળ સ્વરૂપ' અંગેની ચર્ચા કરી. મહેરાજજીની જ્ઞાન ચર્ચાનો લાભ દીવના સહુ લોકોને મળતાં જિજ્ઞાસુઓની આત્મદૃષ્ટિ ખૂલવા લાગી.

**ઐસી ભાંતિ બચન કહે, સબ કો લાગૈ મિષ્ટ ।**
**મન કી જાય મલીનતા, તત છિન ભેટૈ ઈષ્ટ ॥**

વૃ.મુ. ૪૪/૪૩

વિ.સં. ૧૭૨૨ માં મહામતિ શ્રી પ્રાણનાથજી દીવ બંદર પધાર્યા. ત્યાં બે વર્ષ સુધી જાગણીનું કાર્ય ખૂબ જ મોટા પ્રમાણમાં થયું. હવે શ્રી પ્રાણનાથજી ત્યાંથી તેમની જાગણી યાત્રાને આગળ ધપાવવાની ઈચ્છા રાખતા હતા, પરંતુ સુંદરસાથ એમને જવા દેતા નથી. તે દિવસોમાં દીવબંદરના શેઠ-સાહુકારોની સ્ત્રીઓનું અપહરણ થતું હતું. ત્યારે પણ એવું બન્યું કે સમુદ્ર કિનારે ફરવા માટે ગયેલ સ્ત્રીઓનું અપહરણ કરીને જહાજમાં બેસાડીને આરબ લોકો તેમને સીધા મસ્કત બંદરે લઈ ગયા. આ મહિલાઓની સાથે બાઈજીરાજ મહારાણી પણ પકડાઈ ગયા હતા.

મહામતિ શ્રી પ્રાણનાથજીએ વિચાર કર્યો કે દીવ બંદરથી આગળ જવા માટે એક બહાનું મળી ગયું. શ્રીરાજજી મહારાજ તેઓને જુદા જુદા સ્થલે જાગણી માટે મોકલવાના હતા. જેથી શ્રી પ્રાણનાથજી પકડાઈ ગયેલ સ્ત્રીઓની શોધ કરવા માટે દીવથી દરિયા કિનારના શહેરોની મુલાકાત લેવા નીકળ્યા.



Shri Prannath Ji Pustkalay

તેઓ દીવથી કચ્છ પહોંચ્યા. ત્યાં કપાઈમાં એમના મોટાભાઈ હરવંશ ઠાકુર રહેતા હતા. તેમના ઘરે કેટલાક દિવસો સુધી રહીને જાગણીનું કાર્ય કર્યુ. ત્યાંથી નલિયા પહોંચ્યા. ત્યાં અપહરણ થયેલ સ્ત્રીઓનો કોઈ પત્તો ન મળ્યો. ત્યાં પણ કેટલાયે આત્માઓની જાગણી થઈ. ત્યાંથી માંડવી બંદર અને ઠઠ્ઠાનગર, લાઠી બંદર થઈને આપ વિ.સં. ૧૭૨૮ માં મસ્કત બંદરે પહોચ્યા. ત્યાં લોહાણા જ્ઞાતિના માવજીભાઈ નામના વેપારી રહેતા હતા. એમની દુકાનમાં રહીને કથા ચર્ચા કરીને જાગણીનું કાર્ય આગળ વધારી રહ્યા હતા. આ સમયે આરબ લોકોને એવા સમાચાર મળ્યા કે તેજકુંવરીના પતિ અહીં જ મસ્કત બંદરમાં આવીને કથા-ચર્ચા કરી રહ્યા છે. તેથી આરબોએ પોતાના દૂતને શ્રીજી પાસે મોકલ્યા.

એ દૂત શ્રી પ્રાણનાથજીના નિવાસ સ્થાનની સામે આવીને પોકારીને કહેવા લાગ્યો કે પોત પોતાની જ્ઞાતિઓની સ્ત્રીઓને નજરકેદમાંથી છોડાવી જાવ, પરંતુ શ્રી પ્રાણનાથજીના નિવાસ સ્થાને તે સમયે વ્રજ-રાસનું વર્ણન જોર-શોરથી થઈ રહ્યું હતું એને સાંભળીને એ દૂત પણ ભાવ વિભોર થઈ ગયો અને અપહરણ થયેલ સ્ત્રીઓને છોડાવી જવા માટેનો સંદેશો કહેવાના બહાને વારંવાર કથા સાંભળવા માટે આવવા લાગ્યો. આ સમયે આ ત્રણ પ્રકરણો ઉતર્યા છે. રે હો **દુનિયાં બાવરી, રે હો દુનિયાંકો તું કહા પુકારે , રે મન ભૂલ ના મહામત.**

નગર ઠઠ્ઠા એ સિંધનું પ્રાચીન બંદર છે. ત્યાંના કબીરપંથી મહંત ચિંતામણિ અને લક્ષ્મણ શેઠ(લાલદાસજી) જેવા જ્ઞાની ભક્તો પણ સુંદરસાથમાં આવ્યા.

ઠઠ્ઠામાં ચિંતામણિ નામે કબીરપંથી એક મહાત્મા રહેતા હતા. તેમનો મહિમા સાંભળી મહેરાજજી એમને મળવા ગયા. ચિંતામણિએ મહેરાજજીને યોગવિદ્યાનું રહસ્ય સમજાવી એનું વર્ણન કર્યુ. ધર્મચર્ચા વખતે ચિંતામણિએ પ્રસંગોપાત કબીરની એક સાખી કહી, જેમાં કમાલ(કબીરના પુત્ર)ને કબીર કરતા વધારે મહત્ત્વ આપ્યું ત્યારે મહેરાજજીએ કબીરની મજલ કમાલ કરતાં ઘણી ઊંચી હોવાનું સાબિત કરી બતાવ્યું.

**એક કબીરકા કીર્તન, સુનાય દિયા જબ ।**
**તબ ચિંતામણિને કહા, દેખો શબદ નિકસા અબ ॥**

લા.વી. ૨૩/૨૪



Shri Prannath Ji Pustkalay

એટલું જ નહીં, કબીર જયાંથી અટક્યા હતા તે હદ-બેહદથી આગળ વધીને અક્ષરાતીત સુધીની સમજણ મહેરાજજીએ ચિંતામણિને આપી. કબીરે કહ્યું છે,

હદ હદ સબ કોઈ ગયા, બેહદ ગયા ન કોય ।
હદ બેહદ કે બીચમેં, રહા કબીરા સોય ॥
હદ ચલે સો માનવી, બેહદ ચલે સો સાધ ।
હદ બેહદ દોનો તજે, તાકો મતો અગાધ ॥

વર્તમાન દીપક કિ. ૩૪/૧૧૨

અને એનાથી પણ આગળ વધીને મહેરાજજીએ સમજાવ્યું કે બેહદ પછી અક્ષર અને અક્ષરાતીતનું સ્થાન આવે છે. મહેરાજજીના સ્પષ્ટીકરણથી પ્રભાવિત થયેલા ચિંતામણિએ શિષ્યો સહિત મહેરાજજીનું શિષ્યત્વ સ્વીકાર્યું. જે એ જમાનાના ધાર્મિક ઈતિહાસની અસાધારણ ઘટના ગણાય. આ ઘટના વિ.સં. ૧૭૨૪ માં બની હતી.

એવી જ રીતે ઠઠ્ઠામાં લક્ષ્મણ શેઠ નામના શાસ્ત્રોના જાણકાર ધનવાન વેપારી હતા. પોરબંદર અને ઠઠ્ઠામાં એમની દુકાનો હતી. તેઓ અરબી, ફારસી અને સંસ્કૃત ભાષાના વિદ્વાન હતા. આ સંસ્કારી જીવ ભાગવત, ગીતા વગેરે ધર્મ શાસ્ત્રોનું ખૂબ મનન કરી અને નિયમિત ચર્ચા પણ કરતા. એમને ત્યાં જે વૈષ્ણવો ભાગવત ચર્ચા સાંભળવા માટે આવતા એમાના એક ચતુરદાસ મહેરાજજીની ચર્ચા સાંભળવા પણ ગયેલા. એક વખત વાત નીકળતાં લક્ષ્મણ શેઠે એ વિશે પૂછ્યું ત્યારે મહેરાજજી ત્યાં બિરાજતા હતા. નગરમાં પધારેલા આ અલૌકિક મહાત્માની શરણમાં ચિંતામણિ પણ ગયા હોવાની વાત સર્વત્ર પસરી ગઈ હતી, આથી લક્ષ્મણ શેઠ આશ્ચર્ય ચકિત થયા હતા તેથી તેઓએ તાત્કાલિક એ સંતને મળવા અનુમતિ મંગાવી.

મહેરાજજીના દર્શન પામીને લક્ષ્મણ શેઠને અપૂર્વ શાંતિ મળી. મહેરાજના મુખેથી ક્ષર, અક્ષર અને અક્ષરાતીતનું વર્ણન સાંભળી યથાર્થ જ્ઞાનનો ઉદય થયો. મહેરાજજીએ પણ લક્ષ્મણ શેઠને 'બ્રહ્મ વાસના' રૂપે જોયા અને એમના આત્માને જાગ્રત કર્યો ત્યારે લક્ષ્મણ શેઠ પણ મહેરાજજીના શિષ્ય બની ગયા. અને 'તારતમ' ગ્રહણ કરી 'લાલદાસ' નામ ધારણ કર્યું.



Shri Prannath Ji Pustkalay

મહેરાજજીના અલૌકિક બ્રહ્મજ્ઞાનનો પ્રભાવ અધિક વધવા લાગ્યો ત્યારે ઠઠ્ઠાના વૈષ્ણવોમાં ખળભળાટ મચી ગયો. તેઓ નિંદા કરવા લાગ્યા, પરંતુ મહેરાજજીની ઉપદેશ પ્રવૃત્તિ પર એની કાંઈ અસર થઈ નહીં.

**અરબસ્તાનમાં જાગણી :** આમ મહેરાજજી લગભગ દસ માસ સુધી ઠઠ્ઠાનગરમાં અનેક આત્માઓને જાગ્રત કરી અનુકૂળ મોસમ આવતાં ત્યાંથી મસ્કત જવા વિદાય થયા. અગાઉના બસરાના રોકાણ દરમ્યાન તેઓએ જોયેલું કે ત્યાં વેપાર માટે વસેલા હિંદુઓ હિંદુ ધર્મના આચાર-વિચારથી ભ્રષ્ટ થયા હતા. ઈસ્લામના ગઢ સમા આ દેશમાં એ જમાનામાં હિન્દુઓને સદુપદેશ આપવા કોઈ હિન્દુ ભાગ્યે જ જતા. મહેરાજજીએ અહીં મસ્તક અને અબ્બાસ(અવાસી) બંદરોમાં બે વર્ષ સુધી રોકાઈને સંસ્કાર ભ્રષ્ટ થયેલા લોકોને શુદ્ધ હિન્દુ આચારોનું મહત્ત્વ સમજાવ્યું અને માંસ મંદિરાનું સેવન તથા પરસ્ત્રીગમન જેવા દૂષણો છોડવાની પ્રતિજ્ઞા લેવડાવી. મહેરાજજીનું અરબસ્તાનનું આ કાર્ય ભારત વર્ષના ધાર્મિક અને સાંસ્કૃતિક ઈતિહાસમાં અનોખી ભાત પાડે છે.

મસ્કતમાં મહેરાજજી એક સ્નેહી માવજીભાઈને ત્યાં ઊતર્યા. માવજીભાઈએ મહેરાજજીને ખૂબ હર્ષથી સત્કાર્યા અને એમના આગ્રહથી મહેરાજજીએ ત્યાં રહીને ઉપદેશ આપવો શરૂ કર્યો. ત્યાં પણ માવજીભાઈ સહિત ઘણા લોકોએ 'તારતમ' ગ્રહણ કર્યો. અહીં અખંડ વ્રજ અને રાસની ચર્ચા સિવાય મહેરાજજીએ વેદાંતના ત્રણ-ચાર કીર્તનો પણ રચ્યાં, જેના દ્વારા માયા અને બ્રહ્મનું યથાર્થ જ્ઞાન કરાવ્યું.

મસ્કતથી આગળ અવાસી બંદર હતું. જ્યાં ભૈરવ શેઠ નામે લક્ષાધિપતિ રહેતા હતા. તેઓ ખૂબ સુખી હતા આથી એમણે લુટારાઓને ૭૦ હજાર કોરી ભરપાઈ કરી બધાંને છોડાવ્યા. વિ.સ. ૧૭૨૮(ઈ.સ.૧૬૭૨)માં મહેરાજજી ત્યાંથી અબ્બાસ બંદર ગયા. ભૈરવ શેઠ એમના દર્શનથી ઘણા પ્રસન્ન થયા.

**અબાસી બંદરમેં, ભૈરવોં રહે સિરદાર ।**
**અપની ન્યાત છુડાવને, હુઆ એ ખબરદાર ॥**

લાલદાસ વીતક ૨૭/૧

ભૈરવ શેઠે સત્સંગ ચર્ચાની વ્યવસ્થા કરી અને પોતે પણ બહુ શ્રદ્ધાપૂર્વક



Shri Prannath Ji Pustkalay

સાંભળતા, પરંતુ તેઓ માંસ મદિરાના ચાહક હતા. મહેરાજજીએ તેમને પ્રથમ એક માસ માટે માંસ-મદિરા તમાકુનો ત્યાગ કરવા કહ્યું.

**પીવના તમાખૂં છોડ દો, ઔર માંસ મછલી સબ ।**
**શરાબ ઔર સબ કૈફ, પરદારા ચોરી ન કબ ॥**

લાલદાસ વીતક ૨૭/૨૯

અને પછી તો નિત્ય સત્સંગથી ભૈરવ શેઠનો બધો ભ્રમ દૂર થયો અને તેઓ હંમેશ માટે સુંદરસાથમાં જોડાયા. આમ એક તો મ્લેચ્છ દેશ હોવાથી અહીંના લોકોને બ્રહ્મજ્ઞાન મેળવવાનું સૌભાગ્ય પ્રાપ્ત થતું જ નહીં, આથી હવે મહેરાજજીનો દિવ્ય ઉપદેશ સાંભળી લોકો મુગ્ધ બની જતાં, રાત-દિવસ સત્સંગમાંથી એઓ ખસતાં જ નહીં, આથી કેટલાંક લોકોએ ભૈરવ શેઠને ફરિયાદ કરી કે તમારે ત્યાં થતાં નિરંતરના ઉપદેશથી અમારા તમામ કામકાજ બંધ થઈ ગયા છે.

**હમારે ઘરકે લોગ, બરજે ન રહવે કોઈ ।**
**રાવ ભૈરોં ઠક્કર સે કહી, હમારી લડાઈ તુમસે હોઈ ॥**

લાલદાસ વીતક ૨૭/૪૨

ભૈરવ શેઠે લોકોને સમજાવતાં કહ્યું કે,

**એક તો ઈસ દેશમેં, કબહૂં ન ચર્ચા હોય ।**
**ઈત કૌન આવત કરને, આયે ભાગ હમારે સોય ॥**
**એ તો પૂર્વ અંકુર તે, પ્રાપત ભયે ચરન ।**
**તિન આડે તુમ હોત હો, હમારે હી દુશમન ॥**

લાલદાસ વીતક ૨૭-૪૯/૫૦

આમ દિવસે દિવસે ભીડ વધવા લાગી. એવામાં એ દેશના સુલતાને અવાસી બંદરમાં નવો હાકેમ આવવાની સૂચના મોકલી. આ સાંભળી ભૈરવ શેઠને ભય લાગ્યો કે કદાચ મુસ્લિમ રાજ્યમાં હિન્દુ પ્રચારક માટે જોખમ ઊભું થાય તો ? આથી એમણે મહેરાજને બધાં સુંદરસાથ સહિત પાછા ઠઠ્ઠા પહોંચાડી દીધા. આમ વિ.સં. ૧૭૨૮(ઇ.સ. ૧૬૭૨)માં શ્રી બાઈજીરાજ સહિત મહેરાજજી ઠઠ્ઠા પધાર્યા.



Shri Prannath Ji Pustkalay

**સુરત પ્રસ્થાન :** જ્યારે શ્રી મેહેરાજ ફરીથી ઠઠ્ઠામાં પધાર્યા ત્યારે તેમણે શ્રી વિહારીજીને ૭ વર્ષના ધર્મપ્રવાસની હકીકત લખી જણાવી અને હવે પોતે કચ્છ-નલિયા ગામે જવાના હોવાથી વિહારીજીને ત્યાં આવી મળવા જણાવ્યું. પત્ર મળ્યા બાદ વિહારીજી શ્રી મહેરાજને નલિયા મળ્યા, અહીં મહેરાજે સુંદરસાથને વિહારીજીની સર્વ પ્રકારે સેવા કરવા આજ્ઞા આપી. સુંદરસાથની જાગૃતિની વાત સાંભળી વિહારીજી ખુશ થયા, પરંતુ ધીમે ધીમે સુંદરસાથનો શ્રીમહેરાજના પ્રત્યેનો ભાવ વધતો જોઈ વિહારીજીને ડર પણ લાગ્યો અને તેઓ શ્રીજી સાથે મતભેદ પડવાથી જામનગર પાછા ફર્યા.

હવે નલિયાથી સમગ્ર સુંદરસાથ સહિત મહેરાજજી માંડવી બંદર ગયા. ત્યાંથી સહુએ સુરત જવાની યોજના ઘડી. ખંભાળિયા ઉતરી જમીન માર્ગે ધોરાજી થઈ ત્યાંથી ઘોઘા બંદર અને ત્યાંથી સુરત જવા વિચાર્યું.

સમગ્ર સાથ વહાણમાં બેસી ખંભાળિયા ઉતર્યો. ત્યાંથી બધા સાથીઓ ધોરાજી ચાલ્યા ગયા. ત્યાં પણ બધાએ અલૌકિક લાભ લીધો અને પછી સહુ ઘોઘા બંદર થઈ સુરત પહોંચ્યા(વિ.સં. ૧૭૨૯)

અહીં સુરતમાં વલ્લભ સંપ્રદાયના અનુયાયી ગોવિંદ વ્યાસ સાથે પણ જ્ઞાન પ્રશ્નોતરી થઈ. અંતે ગોવિંદજી પ્રભાવિત થયા અને તારતમ ગ્રહણ કર્યો. જો કે આથી ત્યાંના ઘણા વૈષ્ણવો રોષે ભરાયા, પરંતુ ત્યાં શ્રી મહેરાજજીએ વૈષ્ણવપંથના સિદ્ધાંતો સાચી રીતે સમજાવ્યા. તેઓશ્રીએ કહ્યું કે માત્ર બાહ્યાડંબરો દ્વારા કોઈ વૈષ્ણવ બની શકતું નથી. સાચો વૈષ્ણવ તો એ જ બની શકે કે જેના આત્મામાં પરમાત્મા પ્રત્યે અનન્ય પ્રેમ હોય, જે પ્રેમલક્ષણા ભક્તિ દ્વારા પોતાના અને પરમાત્મા વચ્ચેના અંતરને દૂર કરી શકતો હોય. આમ શ્રી મહેરાજજીએ વૈષ્ણવ ધર્મનું સાચું સ્વરૂપ સમજાવ્યું, જેથી ઘણા વૈષ્ણવોએ પણ તારતમ ગ્રહણ કર્યો.

શ્રી મહેરાજજી જ્યારે આ રીતે સુરતમાં જાગણી કરતા હતા ત્યારે વિહારીજીનો પત્ર મળ્યો, જેમાં સુંદરસાથ માટે નિયમ લખેલા હતા.

૧. નીચલા વર્ગને તારતમ સંભળાવવું નહીં.

૨. વિધવા સ્ત્રીને દીક્ષા આપવી નહીં.



Shri Prannath Ji Pustkalay

૩. મારા અને આપના સિવાય અન્ય કોઈએ કોઈને 'તારતમ મંત્ર' આપવો નહિ.

વિહારીજીનો આ પત્ર વાંચી શ્રી મહેરાજ વિચારમાં પડી ગયા. તેમણે તત્કાલ પત્રનો ઉત્તર લખ્યો કે આપના જણાવેલા આ ત્રણ નિયમોને સદ્‌ગુરુએ ક્યારેય મહત્ત્વ આપ્યું નથી. શ્રી નિજાનંદ સ્વામીએ તો જ્યાં જ્યાં બ્રહ્મવાસના જોવામાં આવે ત્યાં ત્યાં તારતમ પ્રદાન કર્યું હતું.

**જિત હોય અંકુર નિજધામકા, ગિનિયે ન ઊંચનીચ તિત ।**
**એ રાહ શ્રી દેવચંદ્રજીયે, આતમ દૃષ્ટિ કી ઈત ॥**

લાલદાસ વીતક ૩૧/૫૯

આ પ્રકારે ખેતાભાઈનું તારતમ પ્રદાનનું ઉદાહરણ આપીને શ્રીજીએ સ્પષ્ટ કર્યું કે સદ્‌ગુરુના માર્ગમાં કોઈ ભેદભાવ હતા જ નહીં. તેમણે તો બધા જ જીવોને તારતમ દ્વારા મુક્ત કરવાનો અધિકાર આપ્યો છે.

આ પત્રની સાથે મહેરાજે પૂર્ણ કરેલો 'કલશ' ગ્રંથ પણ મોકલી આપ્યો. શ્રી મહેરાજનો જવાબ વાંચી વિહારીજી નારાજ થયા અને 'કલશ' ગ્રંથ અસ્વીકૃત કરી પાછો મોકલતાં જણાવ્યું કે હવે આપણા(બંનેના) હૃદય એક રહ્યાં ન હોવાથી બંને વચ્ચે કોઈ પત્ર વ્યવહાર કરવો નહીં.

**ઉન લિખ ભેજી પાતીય કો, તુમ્હારી રાહ ભઈ ઔર ।**
**ઔર હમારી ભી ઔર હૈ, ભઈ જુદાગી ઈન ઠૌર ॥**

**તો ઈત તુમકો હમારા, છૂટ ગયા યકીન ।**
**તિસ વાસ્તે હમ તુમકો, કિયે સાથ સે દૂર ॥**

**હમારે તુમ્હારે નાતા ન રહ્યા, જિન પાતી કરો મજકૂર ।**
**ઈન ભાંત પાતી લિખી, આય પહૂંચી સૂરત ॥**

લાલદાસ વી. ૩૧/૬૬,૬૮, ૬૯

વિહારીજીનો પત્ર વાંચીને શ્રી મહેરાજજી સમજી ગયા કે હવે તેઓ ધર્મમાં નિષ્પક્ષ રૂપે રહીને ન્યાય આપી શકશે નહીં. બીજા સુંદરસાથજીને આ પત્રથી દુઃખ થયું. પરસ્પર વિચાર વિમર્શ કરવા લાગ્યા કે સદ્‌ગુરુ તો શ્રી મહેરાજજીના હૃદયમાં બિરાજે છે તો પછી વિહારીજી ભલે સંબંધ તોડે. જ્યારે



Shri Prannath Ji Pustkalay

બધા સુંદરસાથ શ્રી મહેરાજજીને મળવા ગયા ત્યારે તે બધાને શ્રી મહેરાજજીની અંદર સદ્‌ગુરુના દર્શન થયાં. જેથી બધાએ મળીને તેઓને ઊંચા આસને બેસાડી આરતી કરી અને પ્રાણોના નાથ તરીકે સ્વીકાર્યા. આ ઘટનાની સ્મૃતિમાં સુરતમાં કાલાન્તરમાં મંગલપુરી ધામની સ્થાપના થઈ.

**લક્ષ્મણ શેઠનું સુરત આગમન :** ઠઠ્ઠાના વિખ્યાત શેઠ લક્ષ્મણ પાસે નવાણું જહાજો હતા. વિદેશમાં પણ તેમનો વેપાર હતો. વિ.સં. ૧૭૨૮ માં એકાએક તેમના બધા વ્યાપારી જહાજો પાણીમાં ડૂબી ગયા. તેમની આર્થિક સ્થિતિ દયનીય બની ગઈ. એના લીધે તેઓ નિરાશ થયા અને તેમનો લૌકિક કાર્યોમાંથી રસ ઊડી ગયો અને વૈરાગ્ય ધારણ કરી લીધો.

તેઓ વિ.સં.૧૭૨૯ માં શ્રી પ્રાણનાથજી પાસે સુરત આવ્યા. તેઓ ઘરેથી નીકળ્યા ત્યારે પ્રતિજ્ઞા કરી હતી કે જ્યાં સુધી સદ્‌ગુરુના દર્શન નહીં કરું ત્યાં સુધી અન્ન જલ ગ્રહણ નહીં કરું. તેઓએ શ્રી મહેરાજજીની અંદર સદ્‌ગુરુના દર્શન કર્યા જેથી શ્રી મહેરાજજીએ કહ્યું હવે તમારો સંકલ્પ પૂર્ણ થયો છે માટે તમે ભોજન પ્રસાદ ગ્રહણ કરો. ત્યારથી લાલદાસજી શ્રી મહેરાજજીની સાથે હંમેશાં રહ્યા. હવે સુંદરસાથ શ્રી મહેરાજજીને શ્રીજીના નામથી પોકારવા લાગ્યા. શ્રીજીએ હવે સંકલ્પ કર્યો કે દિલ્લી જઈને ઔરંગઝેબને સમજાવી ધર્મના નામે થતા અત્યાચારોને રોકવામાં આવે. તે સંકલ્પ સાથે તેઓએ કેટલાક સુંદરસાથને લઈને દિલ્લી જવા માટે પ્રસ્થાન કર્યું. રસ્તામાં તેઓ સિદ્ધપુર પહોચ્યા.

**સિદ્ધપુર આગમન :** સિદ્ધપુરમાં શ્રીજી ભગવાનદાસ ઉપાધ્યાય( તીર્થ પુરોહિત) ના ઘરે રહ્યા. ત્યાં ભગવાન રેવાદાસ નામનો તીર્થ ગોર શ્રીજી પાસે આવ્યો. શ્રીજીએ તેને એક મહોર આપી. પરંતુ કંઈક વધારે દક્ષિણા મળવાના લોભથી તેમની પાછળ ચાલ્યો ત્યારે તેને ગોવર્ધન ભટ્ટે સમજાવ્યો કે શ્રીજી પાસેથી નાશવાન ધન કરતાં અખંડ ધન(મોક્ષ) પ્રાપ્ત કરો. આથી ચર્ચા સાંભળવા લાગ્યો.

આ ભગવાનદાસના મિત્ર હતા કબીર પંથી કેશવદાસ. કેશવદાસે તેને કહ્યું કે કબીર જ એક માત્ર એવા સંત થયા છે જેમની પહોંચ અક્ષર સુધી હતી. ભગવાનદાસે કહ્યું કેટલાક દિવસો પહેલાં કોઈ ક્ષત્રિય સંત અહીં આવ્યા હતા.



Shri Prannath Ji Pustkalay

જેમણે અક્ષર અને અક્ષરથી આગળ અક્ષરાતીત ધામનું વર્ણન કર્યું હતું. તેણે(ભગવાનદાસે) ચર્ચામાં જે કંઈ સાંભળ્યું તે બધું કેશવદાસને કહી સંભળાવ્યું. આ સાંભળીને કેશવદાસે વિચાર કર્યો કે અક્ષરાતીતની વાત કરવાવાળી વ્યક્તિ જરૂરથી અક્ષરાતીત બ્રહ્મનો અવતાર જ હશે. તે જ ક્ષણે તેમને શોધવા નીકળી પડયો. દિલ્હીમાં રામચંદ પંસારીને ત્યાં કેશવદાસને શ્રીજીનો ભેટો થયો. આ એ જ કેશવદાસ છે જેમણે શ્રીજીના આદેશ અનુસાર સંપૂર્ણ વાણીને એકત્રિત કરીને ૧૮૭૫૮ ચોપાઈઓને ચૌદ ખંડોમાં બાંધણી કરી.

**મેડતામાં આગમન - કુરાન-પુરાણ સમન્વય :** વિ.સં. ૧૭૩૧ માં શ્રીજી મીરાની જન્મભૂમિ, વિઠ્ઠલનું યાત્રાસ્થળ તથા આધ્યાત્મિક અને ધાર્મિક લોકોનું સ્થાન મેડતામાં અનેક શિષ્યો સહિત પહોંચ્યા અને ત્યાં ચાર મહિના રહ્યા. અહીં ૨૦૦ જેટલા લોકોએ દીક્ષા લીધી જેમાં રાજારામ અને ઝાંઝનભાઈનું નામ ઉલ્લેખનીય છે. તેમણે સપરિવાર દીક્ષા લીધી હતી અને દસ વર્ષ સુધી શ્રીજી અને સુંદરસાથની અન્ન વસ્ત્રની સેવા કરી હતી. તેમના પરિવારમાં કુરૂપ અને કૂબડી લલિતા નામની કન્યા હતી તેણે પણ શ્રીજી પાસેથી દીક્ષા લીધી અને અંત સુધી તેમની શિષ્ય મંડળીમાં રહી. તેનું એક પદ કિરંતન ગ્રંથમાં સંગ્રહિત છે.

**કોટિ બેર લલિતા કુર્બાની, મેરે ધની પરમ સુખકારી ।**

કહેવાય છે કે શ્રીજીએ તેની ઉપર કરુણા કરી પાણીનો છંટકાવ કર્યો કે તરત તેની કૂબડતા અને કુરૂપતા દૂર થઈ ગઈ અને તે સુંદર કન્યા બની.

મેડતાની બીજી મહત્ત્વપૂર્ણ ઘટના કુરાન અને પુરાણનો સમન્વય છે. અહીં રોકાણ દરમિયાન તેઓ એક દિવસ સાંજના સમયમાં ફરવા જતાં એક મસ્જિદની પાસેથી નીકળ્યા ત્યારે શ્રીજીએ **લા ઈલાહ, ઈલિલ્લાહ, મોહમ્મદુર્રસૂલલ્લાહ** એ કલમો સાંભળ્યો. તેનો અર્થ એમને તારતમ પરક જણાયો. તેઓએ વિચાર કર્યો ગીતાની જેમ આ કલમો પણ બ્રહ્મના ક્ષર, અક્ષર અને અક્ષરાતીત સ્વરૂપનો સંકેત કરે છે. જો કુરાનમાં આવેલ આવા પ્રસંગોને વૈદિક ગ્રન્થોમાં લખેલ પ્રસંગોની સાથે તુલના કરવામાં આવે તો ઘણી જગ્યાએ સામ્યતા જોવામાં આવશે. જો એ વાતને લોકોને સમજાવવામાં આવે તો મુઘલો ધર્મના નામે અત્યાચાર કરી રહેલ છે તેને રોકી શકાય અને હિન્દુઓ



Shri Prannath Ji Pustkalay

અને મુસલમાનો વચ્ચેનો ઝઘડો ઓછો કરી શકાય. આ લોકો પણ આપણા જ ધર્મની વાત બીજી ભાષામાં કહે છે અને અહીંથી જ શ્રીજીના મનમાં ધર્મસમન્વયનો વિચાર દૃઢ થયો.

બાંગ મુનારે પર ચઢકે, દઈ મુલ્લાને જબ ।
કાનોં સુન આવાજકો, દિલ વિચાર કિયા તબ ॥૬૯
એ અક્ષર અક્ષરાતીતકી, બાત બડી બુજરક ।
એ તો શ્રી દેવચંદ્ર કહીથી, તહાંસે આયે તુમ ॥૭૧

લાલદાસ વીતક ૩૩

જો કછૂ કહ્યા કતેબને, સોઈ કહ્યા વેદ ।
દોઉ બંદે એક સાહેબકે, પર લડત બિના પાયે ભેદ ॥ ૭૨

ખુલાસા ૧૨/૪૨

હવે શ્રીજીને ખાતરી થઈ કે આધ્યાત્મ માર્ગના એક સૂત્રમાં હિન્દુ મુસ્લિમોને બાંધી શકાશે. મુસ્લિમોના હૃદયમાં અધ્યાત્મ તત્ત્વની એકતાનો વિકાસ કરવામાં મુશ્કેલી પડશે નહીં.

આ રીતે કલમાનો અર્થ તારતમ પરક છે એમ નક્કી કરી હવે ઔરંગઝેબને ઈસ્લામનું સાચું રહસ્ય સમજાવી હિન્દુઓ પર થતા અત્યાચારોને બંધ કરાવી શકાશે એવી આશા સાથે વિ.સં. ૧૭૩૩(ઈ.સ. ૧૬૭૭)માં તેઓ દિલ્હી પહોંચ્યા. ઔરંગઝેબ જો આ વાત કબૂલે તો પછી અન્ય લોકોને સમજાવવામાં મુશ્કેલી પડશે નહીં અને જો ઔરંગઝેબ ન માને તો અંતિમ ઉપાય તરીકે હિંદુઓને એક કરી મુઘલો સાથે લડવાનો રસ્તો ખુલ્લો પડ્યો જ હતો, આથી દિલ્હીમાં ૧૬ માસ રહી એમણે જાગણી કાર્ય ચાલુ રાખ્યું અને બાદશાહનું ધાર્મિક વલણ એના સલાહકારો અને અમલદારોનું જોર, હિન્દુઓને થતા અન્યાય વગેરે બાબતોનો ઊંડો અભ્યાસ કર્યો.

**હરિદ્વારમાં ધર્મ ચર્ચા અને વિજયાભિનંદ શાકાની સ્થાપના :** દિલ્હી નિવાસ દરમિયાન શ્રીજી પોતાના શિષ્યો સહિત વિ.સં. ૧૭૩૫(ઈ.સ. ૧૬૭૮)માં હરિદ્વારમાં દર બાર વર્ષે ભરાતા કુંભ મેળામાં પધાર્યા. તે સમયમાં હિન્દુ ધર્મના જુદા જુદા સંપ્રદાયોમાં મતભેદો ખૂબ હતા અને હિન્દુઓ વર્ણ વ્યવસ્થાને પણ



Shri Prannath Ji Pustkalay

જડ રૂપે માનતા હતા. આ રીતે હિન્દુ પ્રજા ધાર્મિક અને સામાજિક બન્ને રીતે વહેંચાયેલ હતી. ત્યારે શ્રીજીએ વિચાર કર્યો કે બધા સંપ્રદાયના વડાઓ સાથે ચર્ચા કરવાનો આ મોકો જવા દેવાય નહીં.

ત્યારે રામાનુજ સંપ્રદાય, નિમ્બાર્ક સંપ્રદાય, વિષ્ણુ સ્વામી સંપ્રદાય અને માધ્વ સંપ્રદાય(ચારે સંપ્રદાયના પ્રતિનિધિઓ), દશનામી સંન્યાસી, ષટ્શાસ્ત્રના દાર્શનિકો વગેરે સાથે ધર્મ ચર્ચા કરી. શરૂઆતમાં શ્રીજીએ દેવી ભાગવત, લિંગપુરાણ, મુંડક ઉપનિષદ, શ્રીમદ્ભાગવત, શ્વેતાશ્વર ઉપનિષદ, યજુર્વેદ વગેરે શાસ્ત્રોના આધારે ધર્મના સિદ્ધાન્તોની ઉદારતા બતાવી અને એવા ધર્મનો વિવિધ સંપ્રદાયોમાં પ્રચલિત વિવિધ સંકીર્ણતાઓનું દિગ્દર્શન કરાવ્યું. ત્યારબાદ ચારે સંપ્રદાયના પ્રતિનિધિઓએ પોત પોતાના મત અનુસાર વિશિષ્ટાદ્વૈત, દ્વૈતાદ્વૈત, શુદ્ધાદ્વૈત, અને દ્વૈતવાદનું પ્રતિપાદન કરી પોતાની સાંપ્રદાયિક દર્શન પદ્ધતિ પ્રસ્તુત કરી. ત્યારબાદ દશનામ સંન્યાસી પોતાનો મત પ્રકટ કરવા માટે ઉપસ્થિત થયા. તેમણે ચાર મઠોની સ્થાપના, મઠાધીશના પદ, દશનામોની રચના વિશે પોતાના દીક્ષામંત્રના આધાર પર પોતાની પદ્ધતિની વ્યાખ્યા કરી. તત્પશ્ચાત્ નૈયાયિકમત દર્શન, મીમાંસામત દર્શન, સાંખ્યમત દર્શન, વૈશેષિકમત દર્શન, પાતંજલમત દર્શન અને વેદાંતમત દર્શનના પ્રતિનિધિ વિદ્વાનોએ પોત પોતાના મતનું સમર્થન કર્યું.

શ્રીજીએ ઉપરોક્ત બધા વિદ્વાનોની સામે તેઓએ બતાવેલ મતમાં આવેલ વિરોધાભાસની વાત કરી. એના માટે તે વિદ્વાનો પાસે કોઈ પ્રત્યુત્તર તેમજ સમાધાન નહોતું. આ સમસ્યા ઊભી થવાને લીધે બધા વિદ્વાનોએ શ્રીજીને પોતાના સાંપ્રદાયિક વિચાર વ્યક્ત કરવા પ્રાર્થના કરી.

**તબ સબ મત મારગને મિલ કે, કહી શ્રીજીસોં વિખ્યાત ।**
**અપને મત હમ સબને કહે, અબ આપ કહો સાખ્યાત ॥**
**કૌન શાસ્ત્રમેં કહાં કહી હૈ, સો હમેં કહો દે સાખ ।**
**નઈ રાહ હૈ તુમ્હારી, કહો હમેં વિધિ ભાખ ॥**

લાલદાસ વીતક ૩૭/૫૮, ૫૯

ત્યારબાદ શ્રીજીએ સદ્ગુરુ દેવચંદ્રજીના સિદ્ધાંતોને કઠોપનિષદ,



Shri Prannath Ji Pustkalay

હરિવંશપુરાણ, છાંદોગ્ય ઉપનિષદ પુરાણ સંહિતા, અથર્વવેદ, યજુર્વેદ, મુંડકોપનિષદ, બૃહદારણ્ય ઉપનિષદ, પદ્મપુરાણ, ભવિષ્ય પુરાણ, માહેશ્વર તંત્ર, સ્કંદપુરાણ, બ્રહ્મોપનિષદ, શ્રીમદ્ભગવતગીતા, વારાહ સંહિતા, શ્રીમદ્ભાગવત, બ્રહ્મવિદ્યોપનિષદ, ભવિષ્ય દીપિકા વગેરે શાસ્ત્રોના આધાર પર સ્વધર્મના મૂલ સિદ્ધાંત સ્વલીલા દ્વૈત બ્રહ્મવાદમાં મુખ્યસૂત્ર અનન્ય પરાપ્રેમલક્ષણા ભક્તિનું વિવેચન કર્યું. આ વિવેચનથી તે બધા વિદ્વાનો પર શ્રીજીનો ખૂબ પ્રભાવ પડ્યો. ત્યારબાદ શ્રીજીએ પોતાની સાધના પદ્ધતિ બતાવી કે અમારા સદ્ગુરુ બ્રહ્માનંદ છે. પૂર્ણ બ્રહ્મ પરમાત્માનું આનંદ અંગ શ્રી શ્યામાજી, શ્રી દેવચંદ્રજીના રૂપમાં અવતર્યા અને આ આનંદ અવતાર શ્રી દેવચંદ્રજી અમારા સદ્ગુરુ છે.

આ રીતે શાસ્ત્રાર્થ કરતી વખતે શ્રીજીએ તેમને સમજાવ્યું કે શાસ્ત્રોમાં લખ્યું છે કે વિ.સં. ૧૭૩૫ તથા શક સંવત ૧૬૦૦ માં ક્ષય માસ આવતાં ૧૧ માસનું વર્ષ થશે ત્યારે બુદ્ધ નિષ્કલંક અવતાર પ્રગટ થશે અને પછી વિજયાભિનંદ બુદ્ધની શાકા સંવત શરૂ થશે. હવે આ સમય આવી ચૂક્યો છે.

**તહાં પૈત્રીસાકે બરસમેં, ભયે નિશાન ધૂમ્રકેત ।**
**છય ભઈ એક માસકી, ઈન સમૈ જગત ભયો અચેત ॥**

લાલદાસ વીતક ૩૭/૮૬

આમ હરિદ્વારમાં આ શાસ્ત્રાર્થ વખતે વિદ્વાનોએ શ્રી પ્રાણનાથજીને વિજયાભિનંદન બુદ્ધજીના રૂપે સ્વીકાર કરી તેઓની આરતી ઊતારી. ત્યારથી વિજયાભિનંદ બુદ્ધનો સંવત શરૂ થયો, જે નિજાનંદ સંપ્રદાયમાં ચાલ્યો આવે છે.

**સોરસૈ લગે સાકા સાલિવાહનકા, સંવત સત્રહસૈ પૈતીસ ।**
**બૈઠારે સાકા વિજયાભિનર્દકા, યોં કહે સાસ્ત્ર જોતીસ ॥**

કિરંતન ૫૭/૧૮

આ રીતે હરિદ્વારમાં ચાર માસ રોકાઈને શ્રીજીએ પોતાના સિદ્ધાંતોનું મંડન કર્યું. ઉપરાંત હિંદુ ધર્મ પરના ખતરાથી લોકોને માહિતગાર પણ કર્યા.

**દિલ્હીમાં ઔરંગઝેબની જાગણીનો પ્રયત્ન :** હરિદ્વારથી ધર્મ વિજય કરીને તેઓ મથુરા થઈ દિલ્હી પુનઃ આવીને પોતાનો ધર્મ સંદેશ બાદશાહ સુધી પહોંચાડવાના



Shri Prannath Ji Pustkalay

પ્રયત્નોમાં લાગી ગયા. એમણે ઔરંગઝેબના નિકટવર્તી અમીરોને પત્ર લખ્યા. પરંતુ એમના તરફથી પ્રત્યુતર ન મળતાં શ્રીજીએ માથું આપે તેવા શિષ્યો તૈયાર કર્યા અને ઔરંગઝેબ સામે ધર્મયુદ્ધ કરવાનો દ્દઢ નિશ્ચય કર્યો. આ માટે તેઓએ પ્રથમ તારતમ જ્ઞાન અને કુરાનના વિધાનોની તુલના કરતું એક પ્રકરણ તૈયાર કર્યું. જેથી કુરાનની વાતો સાંભળી બદશાહના દિલ પર પ્રભાવ પડે.

આ અરસામાં કેટલાક મુસ્લિમ બિરાદરો પણ શ્રીજીના પ્રભાવ નીચે આવ્યા હતા. તેઓએ શ્રીજીને ઘણી મદદ કરી, જેથી શ્રીજીને કુરાનનો અભ્યાસ કરવામાં સુગમતા સાંપડી. કુરાનમાં પણ પરમધામની વિગતો જોઈને તેઓ આનંદમાં આવી ગયા, અને પત્રો લખ્યા કે,

**સુનિયો ભીમ મુકુંદજી, ઉદ્ધવ કેશવ શ્યામ ।**
**હમ પાંતી પઢી મુહંમદકી, સબ પાઈ હકીકત ધામ ॥**

લાલદાસ વી. ૩૯/૮૩

અને પછી શ્રીજીએ પોતાના મુખ્ય સાથીદારોને ભેગા કરી નિશ્ચય કર્યો કે પાંચ રુક્કાઓ(પત્રો) લખી તૈયાર કરવા, એમાં ક્યામતની સમગ્ર વાતો લખવી અને કોઈ જાણકાર સાથે એ બાદશાહ નિકટના લોકોને આપીને તેમના સુધી પહોંચાડવી. આમ એક સરખા પાંચ રુક્કાઓ પાંચ જુદી જુદી વ્યક્તિને આપ્યા. પહેલો રુક્કો શેખ ઈસ્લામ કાજીને, બીજો રજવીખાનને, ત્રીજો શેખ નિજામને, ચોથો આકલખાનને અને પાંચમો સીદી પોલાદને લખવામાં આવ્યો હતો. પરંતુ બાદશાહના ભયથી રુક્કાની વાતો પર વિશ્વાસ હોવા છતાં કોઈએ બાદશાહ સાથે મુલાકાત થવા દીધી નહીં. આખરે એક રુક્કો બાદશાહની નજર પડે એમ દરબારના દરવાજા પર લગાડવામાં આવ્યો. જેમાં લખ્યું કે,

**બીન સુને ઈન રુક્કેકો, જો પૈઠે ઈન દરબાર ।**
**તિનકો લાનત ખુદાયકી, પહુંચે ન પરવરદિગાર ॥**

લાલદાસ વીતક ૪૨/૧૨

અને તેથી પણ કંઈ પરિણામ ન આવતાં બાદશાહની નમાઝ વખતે સત્યાગ્રહ કરવા ૧૨ શિષ્યોને મોકલ્યા. તેઓએ મસ્જિદને દરવાજે ઊભા રહીને શ્રીજીની પુરાણ અને કુરાનના તાત્ત્વિક સિદ્ધાંતોની એકતા દર્શાવતી



Shri Prannath Ji Pustkalay

વાણી ઊંચા સ્વરે ગાવા માંડી. આ બાર શિષ્યોના નામો નીચે મુજબ છે.

૧) લાલદાસ ૨) શેખબદલ ૩) મુલ્લા કાયમ ૪) ભીમજીભાઈ ૫) સોમજીભાઈ ૬) નાગજીભાઈ ૭) ખીમજીભાઈ ૮) દયારામભાઈ ૯) ચિંતામણિ ૧૦) ચંચલદાસજી ૧૧) ગંગારામભાઈ અને ૧૨) બનારસીદાસભાઈ.

બાદશાહે પ્રયોજન પૂછતાં શિષ્યોએ બાદશાહને સમજાવવા માટે એકાંત મુલાકાતની માગણી કરી. આ માટે બાદશાહ સહમત થયો, પરંતુ કેટલાક રાજકીય કારણોસર ખાસ કરીને ઔરંગઝેબ દક્ષિણના મરાઠાઓ સાથેની સમસ્યામાં અટવાયેલો હોઈ, એની સાથે મુલાકાત થઈ શકી નહીં. વળી એ પણ કારણ હતું કે બાદશાહના અંગત કાજીઓને એમાં ભય લાગતો હતો. આમ શ્રીજીના આ પ્રયત્નને પણ સફળતા મળી નહીં.

**હિન્દુઓ પરના અત્યાચાર સામે આક્રોશ :** એવામાં વિ.સં. ૧૩૩૫ (ઇ.સ.૧૬૭૮) માં ઔરંગઝેબે હિંદુઓ પર જજિયા વેરો નાખ્યો. હિંદુઓને શસ્ત્રો ધારણ કરવાની, પાલખીનો ઉપયોગ કરવાની તેમજ ઘોડે સવારીની પણ મનાઈ ફરમાવાઈ. હિંદુ કારકુનોને નોકરીમાંથી રુખસત અપાઈ. આનાથી ભારતીય સમાજ આંતરિક રીતે નબળો પડતો ગયો. હિંદુઓને ધર્મકટ્ટર રાજ્યમાં દબાઈને જીવવા જેવી સ્થિતિ હતી. એક બાજુ આવી સ્થિતિ પ્રવર્તતી હતી ત્યારે બીજી બાજુ ઉપરા ઉપરી પડતા દુકાળને લઈને લોકોની આર્થિક સ્થિતિ પણ કથળતી જતી હતી. જજિયા નહિ ભરનાર હિંદુઓને પરાણે મુસ્લિમ બનવાની ફરજ પડાતી હતી. આવી સ્થિતિમાં સમજાવટથી કામ નહીં ચાલે એમ લાગતાં શ્રીજીએ હિંદુ રાજાઓ અને સરદારોને જાગૃત કરવા નક્કી કર્યું. ઔરંગઝેબનું વધતું જતું જોર અને હિંદુ ધર્મના નાશ માટેની થતી પેરવીઓ સામે એમણે ક્ષત્રિઓને પ્રમાદની ઊંઘ છોડી હથિયાર ધારણ કરવા આહ્વાન આપ્યું.

**ઔરંગઝેબની કટ્ટરતાનો સામનો કરવા હિંદુ રાજાઓનો લલકાર :** અંતે વિ.સં. ૧૬૩૬(ઇ.સ. ૧૬૮૦) માં શ્રીજીએ દિલ્હીથી પ્રસ્થાન કરી અનૂપશહેર, આમેર, સાંગાનેર, ઉદયપુર, બુંદી, મંદસોર, ઉજ્જૈન, ઔરંગાબાદ વગેરે સ્થળોએ ચાર વર્ષ સુધી સતત પર્યટન કર્યું અને ધર્મ પ્રચારની સાથે જાગૃતિ



Shri Prannath Ji Pustkalay

આવી. બરાબર આ સમયે ઈ.સ. ૧૬૮૨ માં છત્રપતિ શિવાજી અને ઈ.સ. ૧૬૮૧ માં સમર્થ ગુરુ રામદાસનું અવસાન થતાં ઔરંગઝેબની ધર્મ કટ્ટર નીતિનો સામનો કરનારા એ બે મહાન નરવીરોની ખોટ પડી. આ ખોટને પૂરવા શ્રીજીએ મધ્ય ભરતના રાજવીઓને પ્રેરણા આપી.

ઔરંગાબાદના ભાવસિંહ હાડાએ ઔરંગઝેબ સામે થવાની હામ ભીડી. આ સમયે શ્રીજી એના દરબારના મુલ્લાઓ સાથે ચર્ચા કરી. મુલ્લાઓ શ્રીજીની વાણી સાંભળી નવાઈ પામ્યા, પરંતુ આ દરમિયાનમાં ભાવસિંહનું અવસાન થયું. ત્યારબાદ શ્રીજી રામનગર પધાર્યા ત્યાં ઘણા મુસ્લિમોએ શ્રીજીને પોતાના ગુરુ તરીકે સ્વીકાર્યા.

રામનગરમાં સુરતસિંહ અને દેવકરણ નામે બે બુંદેલા ક્ષત્રિઓના પરિચયમાં શ્રીજી આવ્યા. જેમાં દેવકરણ મહારાજા છત્રશાલના ભત્રીજા થતા હતા. ત્યાર બાદ શ્રીજી વિ.સં. ૧૭૩૯ માં ગઢા પધાર્યા.

**મહામતિ શ્રી પ્રાણનાથનું પન્નામાં આગમન :** વિ.સં. ૧૭૪૦ માં શ્રીજી બુંદેલખંડના પન્ના શહેરમાં પહોંચ્યા. પન્નામાં અમરાઈ ઘાટ પર શ્રીજીએ મુકામ કર્યો. આ સમયે એમના સુંદરસાથની સંખ્યા ખૂબ વધી ગયેલી. કહેવાય છે કે કિલકિલા નદીનું પાણી ઝેરી હતું. પરંતુ શ્રીજીના ચરણકમળના સ્પર્શથી એ તત્કાળ અમૃત જેવું બની ગયું. એ સમયે પન્નામાં મહારાજા છત્રશાલ બુંદેલાએ ઔરંગઝેબ સામે માંથું ઊંચક્યું હતું, મઉ ગામે છત્રશાલજી ઔરંગઝેબની સેના સામે મોરચો જમાવીને બેઠા હોઈ તેઓ પન્ના આવી શકે એમ ન હોવાથી શ્રીજી પોતે મઉ પહોંચ્યા.

**છત્રશાલ સાથે મેળાપ :** અહીં શ્રીજીના ધર્મપ્રેમ, દેશદાઝ અને ઉત્સાહ પ્રેરક વાણીનો છત્રશાલ પર ઊંડો પ્રભાવ પડ્યો. વસ્તુતઃ શ્રીજીએ રાજાને હિંદુ ધર્મ તથા હિંદુ પ્રજાની યાતનાઓનો વાસ્તવિક ચિતાર આપ્યો. છત્રશાલ તેમના શિષ્ય બન્યા. આ મિલાપ જુદાં જુદાં વીતકોમાં વિસ્તારથી વર્ણવાયો છે.

**ઈન સતગુરુકી બાત સુન, જો લાવે ઈમાન ।**
**છત્રશાલ તિન ઉપર, તન મન ધન કુરબાન ।।**

લાલદાસ વીતક ૬૦/૯૮



Shri Prannath Ji Pustkalay

છત્રશાલ શ્રીજીના શિષ્ય બન્યા પછી તેમણે હિંદુ ધર્મ માટે ધર્મયુદ્ધ ખેલી લેવાનો દૃઢ નિર્ધાર કર્યો.

સંપ્રદાયની માન્યતા પ્રમાણે આ સમયે છત્રશાલજીએ શ્રીજીને પ્રણામ કરી કહ્યું કે, હું બુદ્ધ નિષ્કલંક સિવાય કોઈનો શિષ્ય બની શકું એમ નથી. આમ કહીને પોતાની પાસેનો બુદ્ધજીની છાપવાળો સિક્કો બતાવ્યો ત્યારે શ્રીજીએ પણ એવા જ પ્રકારના અનેક સિક્કાઓ પોતાના આસન પાસેથી કાઢી બતાવ્યા અને વિજયાભિનંદ બુદ્ધ નિષ્કલંકનું સ્વરૂપ પ્રકટ થવાનું કારણ અને ઔરંગઝેબ સામે ધર્મ યુદ્ધ કરવાની જરૂરિયાત સમજાવી. આ પ્રમાણે શ્રીજીએ છત્રશાલની કમરે તલવાર બાંધીને વિજયના આશીર્વાદ આપ્યા. કહેવાય છે કે ગુરુ કૃપાએ મહારાજ છત્રશાલને પન્નાની આસપાસની હીરાની ખાણોનો પત્તો લાગ્યો અને તેથી રાજ્યની સમૃદ્ધિ પણ વધી.

ત્યારબાદ છત્રશાલની વિનંતીથી શ્રીજીએ છત્રશાલ તથા એમના રાણી દેવકુંવરીને હિંદુ ધર્મનું યથાર્થ જ્ઞાન પ્રદાન કરી વિ.સં. ૧૭૪૦ માં પન્નામાં કાયમી મુકામ કર્યો. ગામની બહાર એક જગ્યા પસંદ કરી ત્યાં ધર્મ ઝંડો રોપ્યો. આ ભૂમિને જાગણી રાસની ભૂમિ તરીકે જાહેર કરવામાં આવી. રાજાએ પણ પન્નામાં પોતાનો મહેલ બંધાવ્યો. સુંદરસાથ માટેના આવાસોની ત્યાં વ્યાવસ્થા થઈ અને પન્ના 'પદ્માવતીપુરી' ત્યારથી બુંદેલાઓની રાજધાની બની ગઈ.

**પન્નામાં ધર્મપીઠની સ્થાપના :** શ્રીજીએ પન્નામાં ધર્મપીઠની સ્થાપના કરી અને ત્યાં રહીને ૧૧ વર્ષ સુધી ધર્મ પ્રચાર કર્યો, આથી પન્ના નિજાનંદ સંપ્રદાયનું પદ્માવતીપુરી ધામ બન્યું. આ પદ્માવતીપુરી ધામ પન્નામાં જ્યાં આજે બંગલાજીનું મંદિર છે ત્યાં ટેકરી ઉપર શ્રીજીએ સ્વહસ્તે શ્રી કૃષ્ણ પ્રણામી ધર્મનો ધ્વજ ફરકાવી ધર્મ પીઠનો સુદૃઢ પાયો નાખ્યો.

જાગણી રાસની આ ભવ્ય ભૂમિમાં સમગ્ર સુંદરસાથ સહિત એમણે છેવટ સુધી સુખશાંતિથી નિવાસ કર્યો. મહારાજા છત્રશાલે અહીં ભવ્ય મંદિર બંધાવ્યું. તેઓ પોતે પણ વખતો વખત સેવામાં ઉપસ્થિત રહેતા.

**ધામગમન :** બ્રહ્માનંદ - લીલામાં સતત તરબોળ રહેતા અને સહુને એમાં તરબોળ કરતા. શ્રીજી પોતાના પંચ ભૌતિક દેહને બળેલા વસ્ત્ર સમાન નષ્ટ જ



Shri Prannath Ji Pustkalay

સમજતા હતા. દેહ પ્રત્યે એમને બિલકુલ મોહ નહોતો. તેઓએ હવે ધામ જતાં પહેલાં પોતાની અંતિમ લીલાના રહસ્યને સમજાવતાં સાથને કહેલું કે,

**અબ હમ ધામ ચલત હૈ, તુમ હૂજો સબે હોશિયાર ।**

આ કહી તેઓ પોતે નિર્દ્વન્દ્વ થઈ ગયા. પ્રબોધપુરી જામનગરમાં ૧૭૧૪ માં પ્રગટ થયેલ બ્રહ્મવાણીનો વિસ્તાર કરી શ્રી તારતમ સાગરનું રૂપ આપ્યું. તેઓએ વિ.સં. ૧૭૫૧ ના શ્રાવણ(ગુજરાતી માસ આષાઢ) વદિ ૩ ની રાત્રે ૭૬ વર્ષની વયે પોતાના સેંકડો શિષ્યોની ઉપસ્થિતિમાં જીવન લીલા સંકેલી લીધી. અલબત્ત, શિષ્ય માટે તો એ એક વજ્રપાત સમાન હતું. શ્રીજીના વિયોગની સંવેદનાથી બધાનાં હૃદય જર્જરિત બની ગયાં અને એ દિવસ શ્રીજીના વિરહ વિલાપમાં જ વ્યતીત થઈ ગયો, શ્રીજીને ઉઠાવી પણ ન શક્યા. અંતે પંચમીને દિવસે પ્રાતઃકાલમાં મહારાજા છત્રશાલ સહિત બધાએ મલીને શ્રીજીના પાંચભૌતિક શરીરને ગુમટજીમાં પધરાવી સમાધિ આપી અને યથા વિધિ અંતિમ ક્રિયા કરીને સંતોષ માન્યો.

**ગુરુગાદી પર તારતમ વાણીની સ્થાપના :** તેમના સિંહાસન પર તારતમ વાણીને પધરાવવાનો નિર્ણય થયો, પણ એ વાણી ગ્રંથસ્થ નહોતી તેથી શ્રી કેશવદાસજીએ એ કાર્ય ઉપાડી લીધું અને બે માસમાં એ સંકલન તૈયાર કરી આપતાં શ્રી પ્રાણનાથજીની જન્મજયંતી(ભાદરવા વદિ ૧૪) ના રોજ એ વાણીને બંગલાજીમાં સિંહાસન પર પધરાવવામાં આવી. ત્યારથી એ વાણીને પરમાત્માનું વાङ્મય સ્વરૂપ માનીને એની પૂજા કરવામાં આવે છે.

પન્નામાં શ્રી પ્રાણનાથજી દ્વારા બંધાયેલા મંદિરની આસપાસના વિસ્તારને ધામમહોલ્લા તરીકે ઓળખવામાં આવે છે. અહીં શ્રી પ્રાણનાથજીના શિષ્યો, પ્રણામી સંપ્રદાયના ભાવિકો પરિવાર સહિત વસે છે. એમના વંશજો ધામી કહેવાય છે. નિજાનંદ સંપ્રદાયમાં આ ધામીઓ પુરોહિત વર્ગ જેવું આદરણીય સ્થાન ધરાવે છે.



Shri Prannath Ji Pustkalay

# વીતક કથા - શ્રવણ ફળ

વાસ્તવિક રીતે જોતાં શ્રી વીતકનો મહિમા વાણી(શબ્દ) દ્વારા વર્ણન કરવા માટે કોઈ સમર્થ નથી. કારણ કે મહામતિ શ્રી પ્રાણનાથજીએ શ્રી તારતમ સાગરમાં જે વીતક મહાત્મ્ય કહ્યું છે તેની બરાબરી કોણ કરી શકે ? તે પરમ પાવન શ્રી વીતક પ્રસંગોને કેટલીયવાર વાંચ્યા બાદ પણ જ્યારે તેમાં સમાયેલ આધ્યાત્મ મૂલ્યોનું સ્મરણ થાય છે ત્યારે હૃદયમાં સચ્ચિદાનંદ સ્વરૂપ, અનંત સ્વલીલાદ્વૈત ભાવ ઉત્પન્ન થાય છે. કોઈ શબ્દાર્થ અથવા અનુવાદ પરમ પાવન વીતક પ્રસંગોની પારલૌકિક સત્તા, મહત્તા, ગુણગાન તથા વિશ્વ કલ્યાણકારી અનંત દિવ્ય શક્તિઓને પ્રાપ્ત કરી શકે નહીં. આથી જ શ્રી તારતમ સાગરમાં વર્ણવેલ પરમ પાવન પ્રસંગોથી મનને નિર્મળ બનાવીને શ્રી વીતક સાહેબના મહિમાને ગ્રહણ કરીએ.

વાસ્તવમાં અનન્ય શ્રદ્ધા પૂર્વક શ્રી વીતક શ્રવણ કરવાથી પાંચ ફળ મળે છે (૧) નિર્ભયતા (૨) નિઃશંકા (૩) આત્મજાગૃતિ (૪) હૃદય ધામમાં પરમાત્માના દર્શન (૫) જીવન મુક્તિ(પરમધામ પ્રાપ્તિ)

જેઓ શ્રી વીતકજીના સંપૂર્ણ શરણે જાય છે તેઓ મોતથી ડરતા નથી. શ્રી વીતક સુંદરસાથને નિર્ભય બનાવે છે. આપણા ભયનું મૂળ સ્થાન છે દ્વૈત. જેમકે બૃહદારણ્ય ઉપનિષદમાં મહાવાક્ય છે કે **દ્વિતીયાદ્વૈ ભયં ભવતિ**(૧-૪-૨) નિશ્ચય રીતે અન્યથી ભય ઉપજે છે. ભયથી ઈર્ષા, દ્વેષ, કામ, ક્રોધ ને દુઃખ પેદા થાય છે. જો દ્વૈતભાવ(જુદાપણું) સમાપ્ત થઈ જાય તો ભય, દ્વેષ, રાગ વગેરેનો કોઈ જ આધાર ન રહેવાથી દુઃખનો પ્રસંગ જ ઉપસ્થિત થતો નથી. સુંદરસાથની પરમપાવન અદ્વૈત અવસ્થામાં એકાત્મા-એકદીલી, નિજાનંદ સંસ્કૃતિનો આ મૂળભૂત સિદ્ધાંત છે અને તેનું પ્રમાણ શ્રી વીતક સ્વયં છે.

વાસ્તવમાં જ્યાં વીતક કથા થાય છે, એટલે કે જ્યાં શ્રી ધામધણીની મહેર થાય છે, ત્યાં શ્રીજી મહારાજ સાક્ષાત રહે છે અને બીજા દેવતાઓ પણ હાજર રહેતા હોય છે. એટલે જ સુંદરસાથજી ! જે શ્રી વીતક કથાને નિષ્ઠા તથા શ્રદ્ધાપૂર્વક સાંભળે છે તે નિર્ભય બની જાય છે. તેના દિલમાંથી દ્વૈતભાવ એકદમ



Shri Prannath Ji Pustkalay

નાશ પામે છે અને આત્મભાવથી નિઃસંદેહ બની જાય છે. કારણ વેદવાણી પણ કહે છે કે અદ્વૈતજ્ઞાન અર્થાત્ આત્મજ્ઞાન પ્રાપ્ત થતાં દ્વૈતભાવ રહેતો નથી. **જ્ઞાતે દ્વૈતં ન વિદ્યતે**.

આ પ્રમાણે વીતક આપણને પૂર્ણ રીતે નિર્ભય બનાવે છે. શ્રદ્ધાપૂર્વક વીતક કથા સાંભળવાથી કાળનો ભય નાશ પામે છે, મૃત્યુનો ડર રહેતો નથી. **જો તૂ લે હકીકત હકકી, તો મોતકા પી શરબત**(શ્રી મુખવાણી) એ અનુસાર પરમ સંત સુંદરસાથ મોત(મૃત્યુ)ની હંમેશાં પ્રતિજ્ઞા કરે છે. મોતથી નિર્ભય બની તેઓ પરમધામની યાત્રાની પૂર્વ તૈયારી કરે છે, જેવી રીતે સંસારના પ્રાણીઓ(મનુષ્યો) લગ્નની તૈયારી ખુશીથી કરે છે તેવી રીતે ધર્મપ્રાણ મૃત્યુની તૈયારી પણ પ્રેમપૂર્વક, આનંદપૂર્વક કરે છે, આ છે વીતક સાંભળવાનું ફળ નિર્ભયતા.

શ્રી વીતક કથા નિષ્ઠાપૂર્વક સાંભળવાથી સંશય, સંદેહ તથા શક નષ્ટ પામે છે અને દઢતા, વિશ્વાસ તથા નિઃશંકાપણું પેદા થાય છે. શ્રી વીતકવાણી પ્રત્યક્ષ પ્રમાણ તથા સ્વયં સિદ્ધ છે.

વીતકની કથા તર્ક તથા પ્રમાણથી પર છે. બુદ્ધિ, મન અને ઈન્દ્રિયોથી અગમ્ય છે. આથી તેના શ્રવણ માત્રથી નિઃસંદેહતા તથા બેશકપણાની ભાવના આપમેળે પ્રગટ થાય છે. વીતકની કથા સારી રીતે શ્રદ્ધાપૂર્વક સાંભળ્યા બાદ કોઈપણ પ્રકારનો સંશય, ભ્રમ અથવા સંદેહ રહેતો નથી. આ તો ભાઈ અમૃતમયી બેશકની વાણી છે. તેના શ્રદ્ધાપૂર્વક અધ્યયનથી નિઃસંદેહતા પ્રાપ્ત થાય છે અને હૃદયના સર્વે સંશયો દૂર થાય છે. પરમ સંત બ્રહ્મમુનિ સુંદરસાથે સૂક્ષ્માતિસૂક્ષ્મ કોટિઓની પરંપરાઓને પાર કરતાં કરતાં આત્મ જાગૃતિ અથવા આત્મા જ્ઞાનને જ સર્વશ્રેષ્ઠ ધર્મ સ્વીકાર કર્યો છે. વેદવાણી કહે છે કે **તરતિ શોકમાત્મવિત્** એટલે કે આત્મ સ્વરૂપના સમ્યક્ જ્ઞાનથી માનવ પ્રાણી શોક મોહથી મુક્ત થઈને શાશ્વત શાંતિને પ્રાપ્ત કરે છે. આથી જ બાહ્ય વિજ્ઞાન અથવા બાહ્ય ઈન્દ્રિઓ વગેરેના સુખોથી મનુષ્યને સાચી શાંતિ ક્યારેય મળતી નથી, તથા **તત્ સત્યં સ આત્મા તત્ત્વમસિ**(છાન્દોગ્યોપનિષદ્ ૬-૮-૭) તે જ બ્રહ્મ સત્ય છે, તે જ આત્મા છે તથા તું પણ તે આત્મ સ્વરૂપ બ્રહ્મ છે.



Shri Prannath Ji Pustkalay

**આત્મૈવેદં સર્વમ્ । અયમાત્મા બ્રહ્મ** વગેરે શ્રુતિ મહાવાક્યો આત્મ જાગૃતિ અથવા આત્મજ્ઞાનની સત્તા મહત્તા તથા ગુણગાનની વિસ્તૃત વ્યાખ્યા કરે છે. આથી જ મહામતિ શ્રી પ્રાણનાથજી કહે છે કે, **પહલે આપ પહેચાનો રે સાધો ।** શ્રી વીતક આત્મજાગૃતિનું સર્વશ્રેષ્ઠ ધર્મશાસ્ત્ર છે. સુંદરસાથ ધર્મ સંસ્કૃતિનું સારરૂપ સૂત્ર છે. **જાગો અને જાગૃત કરો,** વીતકનો મુખ્ય આદર્શ છે પોતે જાગૃત થાય અને સર્વને જાગૃત કરે. આ જાગણી લીલાનું પરમ ગોપનીય રહસ્ય છે, જાગો અને જગાડો.

શ્રી વીતકના દસમાં પ્રકરણમાં પ્રાણપ્રિય સુંદરસાથને આત્મજાગૃતિનો ઉપદેશ આપે છે.

સદ્‌ગુરુ શ્રી દેવચંદ્રજી શ્રી વીતકના છઠ્ઠા પ્રકરણમાં કહે છે. **ધર્મ રાખે તે દેહ હૈ** આ પ્રમાણે શ્રી વીતકના ઊંડાણ પૂર્વક અને ગંભીર અધ્યયનથી આત્મજાગૃતિનો વ્યાવહારિક બોધપાઠ મળે છે.

**દેહ બુદ્ધિ છોડાય કે લ્યાઓ બુદ્ધિ આતમ ।** શ્રી વીતકનું નિષ્ઠાપૂર્વક શ્રવણ કરવાથી અથવા ગંભીર અધ્યયનથી હૃદય ધામમાં પ્રાણ પ્રિયતમ પરમ પ્રભુનાં પ્રત્યક્ષ દર્શન થાય છે.

શ્રી વીતકનું પરમ ફળ છે ધામધણીનો સાક્ષાત્કાર. શ્રી વીતકના ગહન અધ્યયન તથા આચરણથી હૃદય મંદિરમાં પ્રાણ પ્રિયતમના પ્રત્યક્ષ દર્શન થાય છે. આ પરમ સંત બ્રહ્મમુનિ સુંદરસાથનું એક માત્ર લક્ષ્ય છે.

શ્રી વીતકનું અંતિમ તથા સૌથી મહત્ત્વનું ફળ છે પરમપદની પ્રાપ્તિ. માનવ જીવનનો આ પરમ પુરુષાર્થ છે કે તે મોક્ષ પ્રાપ્ત કરે. આવાગમનના ચક્કરથી, જન્મ મરણના બંધનથી મુક્તિ પ્રાપ્ત કરવી એ પ્રત્યેક પ્રાણીનો સર્વશ્રેષ્ઠ ધર્મ છે. શ્રી વીતક કથા શ્રવણ કરવાથી એ દૃઢ વિશ્વાસ આત્માને થઈ જાય છે.

વાસ્તવમાં શ્રી વીતકના ગહન ગંભીર અધ્યયન તથા શ્રવણથી પરમધામના સાક્ષાત્ દર્શન થાય છે. આત્માનું પરાત્મા સાથે મિલન થાય છે અને મૂલમિલાવામાં પહોંચી પરમ પદ પરમધામની પ્રાપ્તિ થાય છે. શ્રી વીતક તેનો પ્રત્યક્ષ પુરાવો છે.



Shri Prannath Ji Pustkalay

**એ વાણી ઈન ધામકી, લે બૈઠાવત નિજ ધામ ।**
**સબકો સુખ ઉપજે, હોય પૂરણ મનોરથ કામ ॥**

શ્રી વીતકનો મુખ્ય વિષય છે જાગણી એટલે સ્વયં જાગો અને સર્વ સાથને જાગૃત કરો. સુંદરસાથ ધર્મ સંસ્કૃતિનું મુખ્ય સારસૂત્ર છે જાગણી.


આ પ્રમાણે પ્રાણપ્રિયતમ પરમ પ્રભુ શ્રી પ્રાણનાથજીનું મહાવ્રત છે કે વિશ્વાત્માનો પરમધામ સંદેશ સહુ સુંદરસાથ ધર્મ સંસ્કૃતિથી જાગૃત કરે. વિશ્વવ્યાપી જાગણી જ તેમના જીવનનું પરમ લક્ષ્ય છે.

શ્રી વીતકને સાચા અર્થથી તથા ભાવપૂર્ણ રીતે પઠન તથા મનન કરતાં પ્રત્યેક સુંદરસાથનો એ પરમધર્મ છે કે શ્રી પ્રાણનાથજીની આજ્ઞાનુસાર વિશ્વ જાગણીના મહાલયને પૂર્ણ કરવા તત્પર રહે કારણ કે દેવ દુર્લભ માનવ શરીરને પ્રાપ્ત કરીને જીવનના અમૂલ્ય સમયની એક પણ ક્ષણ દુ:ખદાયક ક્ષણભંગુર ભોગોને ભોગવવામાં વિતાવવી યોગ્ય નથી.

**"બ્રહ્મસૃષ્ટિ ઔર દુનિયાં દેઊં જાગાએ ॥"**
**"સુખ શીતલ કરું સંસાર ॥"**



Shri Prannath Ji Pustkalay




Shri Prannath Ji Pustkalay

# શ્રી વીતક પચ્ચીસી

-પ્રા. કાન્તિ મોદી

વીતક ડંકો વાગ્યોને સાથી જાગજો રે, સાથી જાગજોને બીજાને જગાડજો રે-ટેક
પરમધામથી ખેલ જોવાને,આવી આ સંસાર રે,
માયાવી જગમાં રહીને, હતી દુઃખ જોવાની હામ રે.. વીતક-૧
પહેલે ફેરે ગોકુળ આવીને, ગોપી થઈ સર્વે નાર રે,
કાના પાછળ ઘેલી થઈ, ન ઓળખ્યા ભરથાર રે.. વીતક-૨
બીજે ફેરે વાંસલડી સુણીને, તજ્યા ઘર પરિવાર રે,
યોગમાયાના દેહ દઈને, રાસ રમાડ્યા સાર રે.... વીતક-૩
રાસ રમાડી સૂરતા ફેરવી, પહોંચાડયા પરમધામ રે,
અક્ષર ઈચ્છા પૂરણ થાતા, અખંડ કીધા વ્રજ રાસ રે..વી-૪
બ્રહ્માંડે આવી ધામે સિધાવી, પણ દુઃખ ન જોયા લગાર રે,
ધણી તમે અમને છેતર્યા, લઈ ચાલો માયા મોઝાર રે,.. વી-૫
ત્રીજે ફેરે આવ્યા સંસારે,ભૂલી ગયા ધણી ને ધામ રે,
જુદા જુદા વેશ ધરીને, આવ્યા જુદે જુદે દેશ રે....વીતક-૬
જગાડવા બ્રહ્મઅંગનાઓને, મોકલી સુંદરબાઈ ઉમરકોટ રે,
પિતા સોદાગર મતુ મહેતા, માતા કુંવરબાઈ નામ રે...વી-૭
સંવત સોળસો સાડત્રીસ, આસો સુદી ચૌદશ ગુરૂવાર રે,
દેવોમાં ચંદ્ર સમાન ચમકશે, પાડયું દેવચંદ્ર નામ રે...વી-૮
અગિયાર વર્ષની ઉંમરે, આવ્યો મનમાં એ વિચાર રે,
હું કોણ કયાંથી આવ્યો, કોણ છે મારો ભરથાર રે...વી-૯
વર્ષ પછી કચ્છ જવા નીકળયા, રણમાં સિપાહી થઈ દીધા દીદાર રે,
ત્રણ વર્ષ શોધખોજ કરી, પહોંચ્યા ગુરૂ હરદાસજી દ્વાર રે.વી-૧૦
પુત્રની ખુશી માટે ઝૂકી, માતપિતા પધાર્યા ભૂજનગર રે,
સોળસો પંચાવન વસંત પંચમી,મંત્ર દીક્ષા લગ્ન એક જ દિન રે...વી-૧૧
કઠિન તપશ્ચર્યા ગુરૂ સેવા, ગુપ્ત રીતે કરતા સારી રાત રે,
બાલમુકુંદે અદ્રશ્ય થઈ,પહેચાન કરાવી સ્વામી હરદાસ રે.........વી-૧૨



Shri Prannath Ji Pustkalay

બાંકે બિહારીજીના વાઘા વસ્ત્ર, પધરાવ્યા દેવચંદ્ર દ્વાર રે,
પાણી રસોઈ ચોકા બર્તન, દેવચંદ્ર કરે પોતાને હાથરે......વીતક-૧૩
સોળસો સાંઠ દેવશયની એકાદશી, વ્રજ દર્શન ઘુઘરી પ્રસાદ રે,
નવાનગરે ભાગવત્ શ્રવણનો, કૃષ્ણજીએ દીધો આદેશ રે..વીતક-૧૪
નવાનગર નવતનપુરી કહેવાય, છોટી કાશી વિદ્યા કેરૂ ધામ રે,
શ્યામજીના મંદિરે કથા કરે, કાનજી ભટ્ટ જેનું નામ રે...વીતક-૧૫
કથાના શ્રોતા શેઠ મહાજને, વલ્લાભાચાર્યજીનો ગ્રહ્યો માર્ગ રે,
દેવચંદ્ર એકલા રાધા વલ્લભી, ખટપટ થાય અપરંપાર રે....વીતક-૧૬
ચૌદ વર્ષ નિષ્ઠાબંધ શ્રવણનું, ફળ દેતાં પહેલા કસોટી થાય રે,
એકવીસ લાંઘણ તાવે થઈ, છતાં ન છોડી કથાય રે.......વીતક-૧૭
સોળસો ચુમ્મોત્તેર ભાદો વદી ચૌદશ, પ્રગટયા તારતમ્નો અવતાર રે,
શ્રીરાજ મંદિર ધ્યાનને ઓરડે, થયું અજવાળું અપાર રે......વીતક-૧૮
દેવચંદ્ર તમે સુંદરબાઈ, ભૂલેલી અંગનાને લાવો ધામ રે,
ધામ ધણી હૃદયે બિરાજતા, ધણી દેવચંદ્રજી કહેવાય રે......વીતક-૧૯
પ્રથમ શિષ્ય ગાંગજીભાઈનો, દેશ દેશાવર મોટો વેપાર રે,
ચાલીસ વર્ષે થયા પેગંબર, કતેબી ગ્રંથોનો એ સાર રે...વીતક-૨૦
સોળસો સત્યાસી માગશર સુદી નોમે, મિહિરરાજને દીક્ષા આપી રે,
સત્તરસો અગિયાર ભાદો સુદી ચૌદશે,ધણી ધામ પધાર્યા રે..વીતક-૨૧
શ્રીરાજ શ્યામા બંને બિરાજયા, મિહિરાજ હૃદય સિંહાસને રે,
પ્રાણનો નાથ હૃદયે બિરાજતાં, થયા ખુદ પ્રાણનાથ રે....વીતક-૨૨
સંવત સત્તરસો ચોત્રીસ, હરિદ્વારે મહાકુંભ મેળો ભરાય રે,
સાધુ સંત આચાર્યોને, માહ સુદ ત્રીજે મુકત કરાવ્યા રે...વીતક-૨૩
ચૈત્ર સુદ નોમે શાસ્ત્રાર્થમાં, દર્શાવ્યા અક્ષરપાર અક્ષરાતીત રે,
ભવિષ્યપુરાણને આધારે, સૌએ જાહેર કર્યા કલ્કિઅવતાર રે..વીતક-૨૪
બુધ્ધાવતાર દેવચંદ્રજીને હાથ, તારતમ કુંચી ધણીએ દીધી રે,
પ્રાણનાથે ધણીધામને લીલા દર્શાવી, ધામદ્વાર ખોલી દીધા રે..વીતક-૨૫
આ વીતક પચ્ચીસી, જે ગાયને સાંભળે રે,
"અદ્વૈત' કહે શ્રી રાજજી, મન ચિંતવ્યા કારજ સારે રે,
-(શ્રી વીતક રહસ્યમાંથી સાભાર)



Shri Prannath Ji Pustkalay